dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-230 | AD - 2026, Jeth Sud -12 | Wednesday, Dt. 27-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**ભારત હંમેશા આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવે છે : વિદેશ મંત્રી એસ.જયશંકર**

# નવી દિલ્હી ખાતે ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ


**મીડલ-ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને લઈ વિદેશમંત્રીઓએ ચિંતા વ્યકત કરી**

નવી દિલ્હી,તા.૨૬

નવી દિલ્હીમાં તાજેતરમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાના 'ક્વાડ' **(Quad)** જૂથના વિદેશ પ્રધાનોની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ ગઈ. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો, જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગી અને ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગે ભાગ લીધો હતો.

આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ, આતંકવાદ, દરિયાઈ સુરક્ષા અને વૈશ્વિક સપ્લાય ચેઈનને વધુ સુદ્રઢ બનાવવાનો હતો.

બેઠક દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ભારત હંમેશા આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ' એટલે કે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ ધરાવે છે. તેમણે ઉમેર્યું કે જે દેશો આતંકવાદી હુમલાનો ભોગ બન્યા છે, તેમને પોતાનો બચાવ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આ ઉપરાંત, મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન પર માઠી અસર પડી છે, જે ચિંતાનો વિષય છે. આગામી સમયમાં આર્થિક



પ્રવૃત્તિ, ઉર્જા વેપાર અને દરિયાઈ વાણિજ્ય માટે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

દરિયાઈ સુરક્ષા અને ક્વાડની નવી પહેલ, અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ દરિયાઈ સુરક્ષા અંતર્ગત બે મોટી જાહેરાતો કરી હતીઃ ઈન્ડો-પેસિફિક મેરીટાઈમ સર્વેલન્સ કોઓપરેશન ઈનિશિએટિવઃ જે ચારેય દેશોની દેખરેખ ક્ષમતાનો ઉપયોગ કરીને માહિતીનું આદાન-પ્રદાન સુધારશે. ઈન્ડો-પેસિફિક મેરીટાઈમ ડોમેન અવેરનેસ ઈનિશિએટિવનું વિસ્તરણઃ જે સભ્ય દેશોને રિયલ-ટાઈમ કોમર્શિયલ દરિયાઈ ડેટા પૂરો પાડશે.

આ ઉપરાંત, ભારતે 'ક્વાડ એટ સી મિશન' ના આગામી તબક્કાનું આયોજન કરવાની પ્રતિબધ્ધતા દર્શાવી છે, જે અંતર્ગત ચારેય દેશોના કોસ્ટ ગાર્ડ્સ એકસાથે મળીને કામ કરશે. ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગે ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની ધમકી અને ત્યાં ટોલ ટેક્સ લાદવાની યોજનાનો સખત વિરોધ કર્યો હતો અને નેવિગેશનની સ્વતંત્રતા જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો.

બેઠકના અંતે ભારત અને અમેરિકા વચ્ચે એક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારનો મુખ્ય હેતુ ખાણકામ, પ્રોસેસિંગ અને રિસાયકિંલગ ક્ષેત્રે 'ક્રિટીકલ મિનરલ્સ' (મહત્વપૂર્ણ ખનિજો) અને 'રેર અર્થ એલિમેન્ટ્સ' (દુર્લભ પૃથ્વી ધાતુઓ) નો પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. ક્વાડ દેશોએ ફિજી દેશના પોર્ટ (બંદર) ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસાવવા માટે સાથે મળીને કામ કરવાની યોજના પણ જાહેર કરી છે, જે ક્વાડનો આવો પ્રથમ સંયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ હશે.

# ઓડિશામાં સેપ્ટિક ટાંકીમાં ગૂંગળામણથી મકાન માલિક સહિત ૬ લોકોના કરુણ મોત

ભુવનેશ્વર,તા.૨૬

ઓડિશાના કાલાહાંડી જિલ્લાના ગૌર કારલાખુંટા ગામમાં મંગળવારે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. એક નિર્માણાધીન સેપ્ટિક ટાંકીની અંદર કામ કરતી વખતે ઝેરી ગેસ અને ઓક્સિજનની અછતના કારણે શ્વાસ રૂંધાવાથી ૬ લોકોના મોત નીપજ્યા છે. આ અકસ્માતમાં અન્ય એક શ્રમિક ગંભીર રીતે ઘાયલ થયો છે, જે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.



પ્રાથમિક માહિતી અનુસાર, નવી ટાંકીનું સેન્ટરિંગ હટાવવા માટે કામદારો અંદર ઉતર્યા હતા. ટાંકીમાં અચાનક ઝેરી ગેસના કારણે ગૂંગળામણ થતા તેઓ બેભાન થવા લાગ્યા. તેમને બચાવવા માટે અન્ય લોકો પણ એક પછી એક અંદર ઉતર્યા, પરંતુ ઓક્સિજનના અભાવે તેઓ પણ ભોગ બન્યા. આ રીતે સામાન્ય બચાવ કાર્ય મોટી દુર્ઘટનામાં ફેરવાઈ ગયું. મૃતકોમાં મકાનમાલિક, તેમનો પુત્ર, ત્રણ કડિયા અને એક મજૂર સામેલ છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સલામતીની વ્યવસ્થામાં કોઈ બેદરકારી હતી કે કેમ તે અંગે તપાસ શરૂ કરી છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ આ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને દરેક મૃતકના સગા-સંબંધીઓ માટે મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી રૂ.૪ લાખની આર્થિક સહાયની જાહેરાત કરી છે.

# બંગાળ સરકારના કડક પગલાથી બાંગ્લાદેશી ઘૂસણખોરોમાં ફફડાટ ફેલાયો, સરહદ પર પરત ફરવા ટોળાં ઉમટ્યાં

કોલકત્તા,તા.૨૬

પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર રચાતાં જ ઘૂસણખોરો સામે વહીવટીતંત્રએ લાલ આંખ કરી છે. સુવેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી પદ સંભાળતાની સાથે જ ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓ સામે કડક કાર્યવાહીના આદેશ આપ્યા છે. આ આકરા વલણને કારણે ઘૂસણખોરોમાં ભારે ગભરાટ ફેલાયો છે અને તેઓ બાંગ્લાદેશ પરત ફરવા માટે સરહદી વિસ્તારોમાં એકઠા થઈ રહ્યા છે.



ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના સ્વરૂપનગરમાં આવેલી બિથરી હકીમપુર ચેકપોસ્ટ પર સરહદ પાર કરવાની રાહ જોતા ઘૂસણખોરોના ટોળાં ફરી જોવા મળી રહ્યા છે. પકડાયેલા લોકોએ સ્વીકાર્યું છે કે તેઓ દલાલોની મદદથી ભારતમાં આવ્યા હતા. બીએસએફ **(BSF)** તરફથી મંજૂરી મળતાં જ તેમને પરત મોકલવામાં આવશે.

બીજી તરફ, રાજ્ય સરકારના આદેશથી માલદા જિલ્લાના અંગ્રેજી બજારના બાગબારી વિસ્તારમાં એક વિશેષ હોલ્ડિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. હાલમાં જ ગજાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડાયેલી ૩ મહિલાઓ અને ૬ સગીરો સહિત નવ બાંગ્લાદેશીઓને અહીં લાવવામાં આવ્યા છે. સુરક્ષા માટે આ કેન્દ્રમાં સીસીટીવી કેમેરા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને પણ આવા અલગ કેન્દ્રો ઊભા કરવા સૂચના અપાઈ છે.

**નરેન્દ્ર મોદીએ ૨૬ મે, ૨૦૧૪ ના રોજ પ્રથમ વખત પ્રધાનમંત્રી પદના શપથ લીધા હતા**

# પ્રધાનમંત્રી તરીકે મોદીએ ૧૨ વર્ષ પૂર્ણ કરતા ભાજપ નેતાઓએ અભિનંદન પાઠવ્યા

નવી દિલ્હી,તા.૨૬

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માટે ૨૬ મેનો દિવસ અત્યંત વિશેષ રહ્યો છે, કારણ કે તેમણે દેશના વડાપ્રધાન તરીકે પોતાના સફળ ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે. નરેન્દ્ર મોદીએ ૨૬ મે, ૨૦૧૪ ના રોજ પ્રથમ વખત પ્રધાનમંત્રી પદના શપથ લીધા હતા. આ ઐતિહાસિક પ્રસંગે ભાજપ, એનડીએ (**NDA**) સહિત દેશભરના રાજકીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ તેમને આ



ક્રાંતિકારી યાત્રા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોશિયલ મીડિયા પર પીએમ મોદી માટે એક વિશેષ સંદેશ શેર કરતા જણાવ્યું કે, વડાપ્રધાને એક 'પ્રધાન સેવક'તરીકે સેવા, સુશાસન અને જન કલ્યાણ માટે પોતાના ૧૨ વર્ષ સમર્પિત કર્યા છે. સીએમ યોગીએ ઉમેર્યું કે આ વર્ષો દરમિયાન ગરીબોનું કલ્યાણ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહ્યું છે અને જનભાગીદારીના કારણે વિકાસ એક મોટું આંદોલન બન્યો છે. પ્રધાનમંત્રી આવાસ, જન ધન, આયુષ્માન ભારત અને ઉજ્જવલા જેવી લોકકલ્યાણકારી યોજનાઓએ દેશના નાગરિકોનો ભરોસો જીત્યો છે અને ભારત 'વિકસિત ભારત ૨૦૪૭' તરફ મજબૂત પગલાં ભરી રહ્યું છે.

બીજી તરફ, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ દિવસને ભારતની વિકાસ યાત્રાનો એક નવો અધ્યાય ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું કે ૨૦૧૪ પછી દેશના શાસન, નેતૃત્વ અને રાષ્ટ્રીય સંકલ્પમાં એક મોટો બદલાવ આવ્યો છે. આર્થિક મોરચે પ્રગતિ, આત્મનિર્ભર ભારતનો સંકલ્પ, માળખાગત સુવિધાઓનો વિકાસ અને મજબૂત રાષ્ટ્રીય સુરક્ષા નીતિના કારણે આજે વૈશ્વિક મંચ પર ભારત અગાઉ કરતાં વધુ શક્તિશાળી અને આત્મવિશ્વાસુ દેશ તરીકે ઉભરી આવ્યો છે. 'અંત્યોદય' ના મંત્ર સાથે સમાજના છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચ્યો છે.

# મહિલા અનામત આંદોલનમાં કોંગી નેતા અલકા લાંબા દોષિત જાહેર

નવી દિલ્હી,તા.૨૬


દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કોંગ્રેસ નેતા અલકા લાંબાને સરકારી કામમાં અવરોધ ઊભો કરવા અને પોલીસ સાથે ગેરવર્તણૂક કરવા બદલ દોષિત ઠેરવ્યા છે. કોર્ટ આ મામલે આગામી ૫ જૂને સજા સંભળાવશે. આ કેસ ૨૯ જુલાઈ, ૨૦૨૪નો છે, જ્યારે જંતર-મંતર પર મહિલા અનામતના અમલીકરણની માંગ સાથે વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, કલમ ૧૬૩ લાગુ હોવા છતાં પ્રદર્શનકારીઓએ સંસદ તરફ કૂચ કરી બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો હતો. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અશ્વની પનવરે પુરાવા અને સાક્ષીઓના આધારે લાંબાને દોષિત જાહેર કર્યા છે, જ્યારે બચાવ પક્ષે આ વિરોધને શાંતિપૂર્ણ ગણાવ્યો હતો.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૨૭-૦૫-૨૦૨૬

**એસ.ટી.બસ ડ્રાઈવરો દ્વારા જાહેરનામાનો સરેઆમ ઉલાળીયો**

# બગસરામાં વન-વેનું ઉલ્લંઘન થતુ હોવાથી ટ્રાફિક જામથી લોકોને હાલાકી

બગસરા,તા.૨૬

બગસરામાં સાંકડા રસ્તા અને વાહનોની અવરજવરથી ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હોવાથી શહેરના આગેવાનોએ શહેરમાં વન-વેના અમલની માંગ કરી હતી જેથી તત્કાલિન કલેકટર ઝાલાવડીયા દ્વારા શહેરમાં વન-વેના અમલનો આદેશ કરવામાં આવ્યો હતો પરંતુ એસ.ટી.ડેપોના ડ્રાઈવરો વન-વેમાં બસ ઘુસાડી દેતા હોવાથી ટ્રાફિક જામ સર્જાતા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બગસરામાં સવારે ૮થી ૧૨ અને સાંજના ૪થી ૮ વાગ્યા સુધી વન-વેનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતુ. જેમાં એસ.ટી.બસ સહિતના કુંકાવાવ નાકાથી પ્રવેશ કરીને પોલીસ સ્ટેશન પાસેથી નિકળવાનો ઉલ્લેખ છે. આમ



છતાં અન્ય ડેપોના માથાભારે એસ.ટી.ડ્રાઈવરો જાહેરનામાનું ઉલ્લંઘન કરી બસને અમરેલી જવા માટે સીધી કુંકાવાવ નાકાના રસ્તે વાળી દેતા હોવાથી ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. જુના બસ સ્ટેશન પાસે ટ્રાફિક જવાનોની હાજરીમાં બસ ડ્રાઈવરો મનસ્વી રીતે વન-વેનું ઉલ્લંઘન કરી રહ્યા છે. વન-વેમાં બે બસ સામસામે ભેગી થતી હોવાથી લાંબા સમય સુધી ટ્રાફિક જામની સમસ્યા રહે છે. જેથી વન-વેનું ઉલ્લંઘન કરતા એસ.ટી.ડ્રાઈવરો તેમજ ભારે વાહનચાલકો સામે પોલીસ કડક કાર્યવાહી હાથ ધરે તેવી શહેરીજનો દ્વારા માંગ કરવામાં આવી છે.

# અમરેલી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં અપેક્ષિત વ્યક્તિઓને હાજર રાખવા રજૂઆત

અમરેલી,તા.૨૬

અમરેલી તાલુકા પંચાયતના સદસ્યા ભાવનાબેન સુખડીયાએ ટીડીઓને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે અમરેલી તાલુકા પંચાયત કચેરીમાં યોજાનારી સામાન્ય સભામાં મહિલાઓને યોગ્ય સ્થાન અને સુરક્ષા મળે તે માટે તાલુકા પંચાયતના સભ્ય દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં મહિલાઓને મળેલા અનામત હક્કનો સન્માન થવો જોઈએ અને મહિલાઓને સક્રિય રીતે નિર્ણય પ્રક્રિયામાં જોડાવાનો મોકો મળવો જરૂરી છે. સભામાં કોઈપણ વ્યક્તિ દ્વારા મહિલાઓ પ્રત્યે અપમાનજનક વર્તન ન થાય તેમજ હોદ્દેદારોના સગાઓ દ્વારા દખલગીરી અટકાવવા યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ તેવી માંગ ઉઠાવવામાં આવી છે. વધુમાં મહિલાઓને તાલીમ અને શિક્ષણ દ્વારા સશક્ત બનાવી તેઓ પોતાના હક્ક અને જવાબદારીઓ સારી રીતે સમજી શકે તે માટે સરકાર દ્વારા વિશેષ પ્રયાસ કરવાની જરૂરિયાત પણ વ્યક્ત કરવામાં આવી છે. રજૂઆતમાં મહિલાઓના સન્માન અને સુરક્ષાને પ્રાથમિકતા આપવા અપીલ કરવામાં આવી છે.

# અમરેલી-બાબરા નેશનલ હાઈવેને ફોર લેન કરવાની માંગ

અમરેલી,તા.૨૬




અમરેલીથી બાબરા વચ્ચેના નેશનલ હાઈવેને ફોર લેન બનાવવાની જોરદાર માંગ ઉઠી છે. સામાજિક આગેવાન પ્રા. જે.એમ. તળાવિયાએ રાજ્યના માર્ગ-મકાન મંત્રી જગદીશભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્ય અને મંત્રી કૌશિકભાઈ વેકરિયા તેમજ સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા અને ભરતભાઈ સુતરિયાને રજૂઆત પત્ર પાઠવ્યો છે.આ માર્ગ અમરેલીથી રાજકોટ, જામનગર અને કચ્છ સહિતના મહત્વના જિલ્લાઓને જોડતો હોવાથી અહીં વાહનોની સતત અવરજવર રહે છે. વર્ષ ૨૦૧૮ બાદ આ સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવે ૧૫૧ માં અપગ્રેડ કરાયો છે, જે મહુવા, સાવરકુંડલા અને આટકોટ થઈ રાજકોટ સુધી પહોંચે છે. હાલમાં આ ૩૦ થી ૩૨ કિલોમીટરના માર્ગ પર મોટા ખાડા પડી ગયા છે અને રસ્તો સાંકડો હોવાથી અકસ્માતનો ભય સતત રહે છે. ઓવરટેકિંગ દરમિયાન અકસ્માતો વધી રહ્યા છે અને આ ટૂંકું અંતર કાપવામાં વાહનચાલકોને ૪૫ થી ૬૦ મિનિટ જેટલો સમય વેડફાઈ રહ્યો છે, જેથી આ હાઈવેને તાકીદે ફોર લેન બનાવવો અનિવાર્ય બન્યો છે.

# અમરેલી ખાતે પ્રભારી મંત્રીની વર્ચ્યુઅલ હાજરીમાં આયોજન મંડળની બેઠક મળી

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લા પ્રભારી અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં અમરેલી જિલ્લા આયોજન મંડળની વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી, જેમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ વિકાસકામોને મંજૂરી અપાઈ હતી. આ બેઠકમાં ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને અન્ય જનપ્રતિનિધિઓ સહભાગી થયા હતા. વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂ. ૨૦.૫૦ કરોડના ૬૪૧ કામો, અનુસૂચિત જાતિ પેટા



યોજનામાં રૂ. ૧.૮૪ કરોડના ૭૫ કામો અને નગરપાલિકાઓ માટે રૂ. ૪.૫૦ કરોડના ૬૬ વિકાસકામો મંજૂર કરાયા છે. બક્ષીપંચ ખાસ પ્લાન હેઠળ ૬ કાર્યો હાથ ધરાશે. જિલ્લાની વાર્ષિક ગ્રાંટ રૂ. ૪૯.૨૫ કરોડથી વધારીને રૂ. ૬૬.૭૫ કરોડ કરવામાં આવતા ૩૫.૫૩ ટકાનો માતબર વધારો નોંધાયો છે. આ અંતર્ગત સી.સી. રોડ, ગટર, પાણીની પાઈપલાઈન અને આંગણવાડી જેવા જનસુખાકારીના માળખાકીય કાર્યો થશે. મંત્રીઓએ પ્રિ-મોન્સુન અને રોડ રીસર્ફેસીંગની કામગીરી ચોમાસા પહેલા ઝડપથી પૂર્ણ કરવા કડક સૂચના આપી હતી.

**બગસરા ખાતે મીંટીંગમાં હાજરી આપવા સરકારી ગાડીના ઉપયોગને બદલે**

# ઈંધણ બચાવવા અમરેલી એસ.ટી.વિભાગીય નિયામકે બસમાં મુસાફરી કરી

બગસરા,તા.૨૬

ઈંધણ બચાવવા માટે પીએમ મોદીએ કરેલી અપીલનો અમલ અમરેલી એસ.ટી.વિભાગીય નિયામકે જવાબદારીપૂર્વક કર્યો છે. વિભાગીય નિયામકને સરકારી ગાડી ફાળવવામાં આવી હોવા છતાં તેનો ઉપયોગ કરવાને બદલે એસ.ટી.બસનો ઉપયોગ કરી અન્ય અધિકારીઓને રાહ ચિંધ્યો છે. હાલ દેશમાં ડીઝલની ભારે તંગી જોવા મળી રહી છે. જેને લઈ પીએમ મોદીએ ઈંધણનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા માટે અપીલ કરી હતી. જેને લઈ અમરેલી એસ.ટી.વિભાગીય નિયામક ભાવેશ પટેલે તાજેતરમાં બગસરા ખાતે ડીઝલ બચાવવા અને અકસ્માત નિવારવા બાબતે યોજાયેલી મીટીંગમાં પોતાની સરકારી ગાડી લઈ જવાને બદલે એસ.ટી.બસનો ઉપયોગ કર્યો હતો. વિભાગીય નિયામક ભાવેશ પટેલ સામાન્ય મુસાફરોની જેમ જ બસ મારફતે બગસરા મીટીંગમાં હાજરી આપવા માટે આવ્યા હતા અને મીટીંગ પુરી થયા બાદ એસ.ટી.બસમાં જ અમરેલી પરત ફર્યા હતા. વિભાગીય નિયાયકે પોતાની સરકારી ગાડીનો ઉપયોગ કરવાને બદલે એસ.ટી.બસનો ઉપયોગ કરીને અન્ય અધિકારીઓને પણ રાહ ચિંધ્યો છે.

**વિભાગીય નિયાયકે એસ.ટી.માં મુસાફરી કરી અન્ય અધિકારીઓને પણ રાહ ચિંધ્યો**

# પુરુષોત્તમ માસ નિમિત્તે ઉતાવળા હનુમાનજી મંદિરે મહિલા મંડળ દ્વારા ૨૪ ધજા ચડાવાઈ

અમરેલી,તા.૨૬

પવિત્ર પુરુષોત્તમ માસના અવસરે શ્રીકૃષ્ણ સત્સંગ મંડળની મહિલાઓ દ્વારા સ્થાનિક ઉતાવળા હનુમાનજી મંદિરે ૨૪ ધજા ચડાવવાનો મનોરથ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ સાથે પરિસરમાં આવેલા મેલડી માતાજીના મંદિરે તેમજ બટુક હનુમાનજીને પણ વિધિવત રીતે ધજા ચડાવવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર મંદિર પરિસર જયશ્રી રામ અને જયશ્રી કૃષ્ણના નાદથી ગુંજી ઉઠ્યું હતું. શ્રી કૃષ્ણ સત્સંગ મંડળની બહેનો દ્વારા ઘરે-



ઘરે જઈને સત્સંગ મંડળ ચલાવવામાં આવે છે. આ સત્સંગ દરમિયાન શ્રધ્ધાળુઓ તરફથી જે કંઈ પણ ફંડ-ફાળો કે ગુપ્ત દાન એકત્રિત થાય છે, તે તમામ રકમનો ઉપયોગ બહેનો દ્વારા આવા જ લોકકલ્યાણ અને ધાર્મિક કાર્યોમાં કરવામાં આવે છે. ગરમીને ધ્યાનમાં રાખીને ભક્તો માટે ઠંડા પીણાં અને શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# વડીયાના હનુમાન ખીજડીયા ગામે ૭ જીવતા તેતર સાથે શખ્સ ઝડપાયો

વડીયા,તા.૨૬

વડિયા કુંકાવાવ તાલુકો વિવિધ ડેમોના કારણે વન્ય પ્રાણીઓ અને પશુ-પંખીઓ માટે અનુકૂળ વસવાટ વિસ્તાર બની રહ્યો છે. અહીં સિંહ સહિતના વન્યજીવો વસે છે. એક તરફ પર્યાવરણ પ્રેમીઓ આ જીવોનું જતન કરે છે, તો બીજી તરફ શિકારની પ્રવૃત્તિઓ પણ સામે આવી રહી છે. તાજેતરમાં વન વિભાગે બાતમીના આધારે સતત એક મહિના સુધી સઘન પેટ્રોલિંગ અને વૉચ ગોઠવીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન હનુમાન ખીજડીયા ગામના જોરૂભાઈ દેવીપૂજકના ઘરેથી પિંજરામાં પૂરેલા સાત જીવતા



તેતરના બચ્ચા મળી આવ્યા હતા. વન વિભાગે ત્વરિત કાર્યવાહી કરીને વન્યજીવ સંરક્ષણ ધારાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને રૂપિયા ૨૫,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. વનરક્ષક એચ. ડી. રાખોલિયા, વનપાલ એસ. પી. તેરૈયા અને ટ્રેકર મનીષભાઈ ગગીયાની આ કામગીરીને વડિયા વિસ્તારના પર્યાવરણ પ્રેમીઓએ બિરદાવી હતી.

# અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિ. ટ્રસ્ટ સંચાલિત કૉલેજનું M.Com. સેમેસ્ટર-૧ નું ૧૦૦% પરિણામ

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Com. મહિલા કૉલેજે શૈક્ષણિક ક્ષેત્રે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના M.Com. (GM) સેમેસ્ટર-૧ ની યુનિવર્સિટી પરીક્ષામાં કૉલેજે ૧૦૦% પરિણામ



અને ૧૦૦% ડિસ્ટિંક્શન મેળવીને સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે.વિદ્યાર્થીનીઓની અથાગ મહેનત અને સંસ્થાના માર્ગદર્શનથી આ ઝળહળતી સફળતા મળી છે. જેમાં ચૌહાણ ઈશા વી. ૮૬.૮૦% સાથે પ્રથમ, પટાટ લક્ષ્મી જે. ૮૫.૪૦% સાથે દ્વિતીય અને ભુવા નીધી વી. ૮૩.૪૦% મેળવીને કૉલેજમાં તૃતીય સ્થાને રહી છે. આ ભવ્ય સફળતા બદલ સંસ્થાના સ્ટાફ અને ટ્રસ્ટી મંડળ દ્વારા તમામ તેજસ્વી વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરવામાં આવી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

'સંજોગ ન્યૂઝ'માં અહેવાલ પ્રકાશિત થતા જ અધિકારીએ આદેશ કર્યો

# અમરેલી એસ.ટી.ડેપોમાં આખી રાત કન્ટ્રોલ પોઈન્ટ ખુલ્લો રાખવાનો નિર્ણય

અમરેલી,તા.૨૬

અમરેલી એસ.ટી. ડેપો જિલ્લા કક્ષાનો એક અત્યંત મહત્વનો અને વ્યસ્ત ડેપો હોવા છતાં, ત્યાં લાંબા સમયથી મુસાફરો માટે એક મોટી મુશ્કેલી સર્જાઈ રહી હતી. આ ડેપો પરથી દિવસ-રાત અવિરતપણે બસોની અવરજવર ચાલુ રહે છે, પરંતુ આશ્ચર્યજનક રીતે રાત્રિના ૯ વાગ્યા પછી કન્ટ્રોલ પોઈન્ટ તદ્દન બંધ કરી દેવામાં આવતો હતો. કન્ટ્રોલ પોઈન્ટ બંધ થઈ જવાને કારણે રાત્રિના સમયે મુસાફરી કરનારા સામાન્ય નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાઈ જતા હતા. મોડી રાત્રે આવતી-જતી બસો કયા પ્લેટફોર્મ પર આવશે, ક્યારે ઉપડશે કે કયા રૂટની બસ ક્યારે વહેલી-મોડી છે, તેની સચોટ પૂછપરછ કરવા માટે ડેપોમાં કોઈ જવાબદાર કર્મચારી હાજર મળતા નહોતા. આ ગંભીર બેદરકારીને લીધે મુસાફરોએ કલાકો સુધી અસમંજસની સ્થિતિમાં ભટકવું પડતું હતું.આ ગંભીર સમસ્યા માત્ર મુસાફરોની પૂછપરછ પૂરતી સીમિત નહોતી, પણ તેનાથી ડેપોની શિસ્ત વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જતી હતી. રાત્રિના ૯ વાગ્યા પછી કન્ટ્રોલ પોઈન્ટ બંધ થતાં જ બસના ડ્રાઈવરોને જાણે છુટ્ટો દોર મળી જતો હતો. કન્ટ્રોલ પોઈન્ટ પર કોઈ નોંધ રાખનાર ન હોવાથી ડ્રાઈવરો નિયત પ્લેટફોર્મ પર બસ લાવવાને બદલે ડેપોમાં ગમે ત્યાં મનફાવે ત્યાં બસ ઊભી રાખી દેતા હતા અને મુસાફરોને લીધા વિના જ બસ ઉપાડીને ચાલતા થતા હતા. આ મનસ્વી વર્તનને કારણે રાત્રિના સમયે એસ.ટી. ડેપોમાં ભારે અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાતો હતો. મહિલાઓ, વૃધ્ધો અને નાના બાળકો સાથે મુસાફરી કરતા લોકો પોતાની બસ પકડવા માટે એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ પર દોડધામ કરવા મજબૂર બનતા હતા.જનતાની આ વેદના અને મુશ્કેલીને વાચા આપવા 'સંજોગ ન્યૂઝ' દ્વારા કરવામાં આવ્યું હતું. લોકહિતને સર્વોપરી ગણીને અખબારમાં આ આખી ગેરવ્યવસ્થા અંગે એક વિસ્તૃત અને ધારદાર અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ અહેવાલની નકલ માત્ર અખબાર પૂરતી સીમિત ન રાખતા, એસ.ટી. નિગમના ઉચ્ચ અધિકારીઓ સુધી પણ તાત્કાલિક ધોરણે પહોંચાડવામાં આવી હતી. એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓએ આ અહેવાલને ગંભીરતાથી લીધો અને મુસાફરોની સાચી મુશ્કેલીને ત્વરિત સમજી લીધી હતી. ડેપોમાં રાત્રિના સમયે પણ મુસાફરોની સતત અવરજવર રહેતી હોવાથી અને ડ્રાઈવરો નિયત પ્લેટફોર્મ પર જ બસ ઊભી રાખે તેવા કડક આશય સાથે અધિકારીએ તાત્કાલિક અસરથી એક મોટો અને આવકારદાયક આદેશ જારી કર્યો છે. નવા આદેશ અનુસાર હવે અમરેલી ડેપોમાં રાત્રિના ૯ વાગ્યા પછી પણ આખી રાત કન્ટ્રોલ પોઈન્ટ સતત ખુલ્લો રાખવામાં આવશે અને ત્યાં કર્મચારીઓ ફરજ બજાવશે. આ નિર્ણયને પગલે ગેરશિસ્ત આચરતા ડ્રાઈવરો પર આપોઆપ લગામ કસાશે અને મુસાફરોને તમામ પ્રકારની પૂછપરછનો સંતોષકારક જવાબ રાત્રે પણ મળી રહેશે. આ લોકઉપયોગી નિર્ણયથી અમરેલીની જનતા અને રાત્રિ મુસાફરોમાં આનંદની હેલી પ્રસરી ગઈ છે અને સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો છે.

સંજોગ IMPACT

# અમરેલીમાં ચીતલ રોડ પરથી ઈકો ગાડીમાં લઈ જવાતો રૂ.૩૯ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. જે અંતર્ગત અમરેલીના ચીતલ રોડ પરથી ઈકો ગાડીમાં લઈ જવાતો ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો હતો. જો કે, પોલીસને જોઈને ઈકો ગાડીનો ચાલક વાહન અને મુદ્દામાલ મૂકીને નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે દારૂ, ઈકો ગાડી અને મોબાઈલ સહિત કુલ રૂ.૩,૫૯,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.ઘટનાની વિગત મુજબ, ટીંબા ગામથી ચીતલ તરફ જતા રોડ પર આવેલા હરિકૃષ્ણ સરોવરના બોર્ડ પાસેથી એક ઈકો ગાડી શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહી હતી. આ ઈકો ગાડીના ચાલકે પોલીસને જોઈને પકડાઈ જવાની બીકે પોતાની ગાડી રસ્તા પર જ મૂકી દીધી હતી અને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.પોલીસે ગાડીની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૨૩૦ બોટલ અને બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા.આ ઉપરાંત, જિલ્લામાં હાથ ધરાયેલી અલગ-અલગ ડ્રાઈવ દરમિયાન છ મહિલાઓ સહિત ૩૨ લોકો પાસેથી દેશી દારૂ મળી આવ્યો હતો, જ્યારે ૨૬ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા ઝડપાયા હતા.

# કલામ ઈનોવેટીવ સ્કૂલના વિદ્યાર્થીઓએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ નિહાળી

અમરેલી, તા. ૨૬




અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાયેલી ગુજરાત ટાઈટન્સની મેચ નિહાળવાનો અનોખો અવસર કલામ ઈનોવેટીવ સ્કૂલના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયો હતો. શાળા દ્વારા ખાસ આયોજન કરીને ૮૦થી વધુ વિદ્યાર્થીઓને ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ક્રિકેટ મેચનો જીવંત અનુભવ કરાવવામાં આવ્યો હતો. આ પ્રવાસ ગામડાંના અને આર્થિક રીતે નબળા પરિવારોના બાળકો માટે જીવનનો પ્રથમ અને ક્યારેય ન ભૂલાય તેવો યાદગાર પ્રસંગ બન્યો હતો. ગુજરાત ટાઈટન્સ દ્વારા આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં પાંચ પ્રજ્ઞાચક્ષુ અને બહેરા-મૂંગા બાળકોને પણ સામેલ કરવામાં આવ્યા હતા, જેથી તેઓ આ રમત મહોત્સવનો આનંદ માણી શકે. મેચ દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના મનપસંદ ક્રિકેટરો માટે પ્રોત્સાહક પોસ્ટરો પ્રદર્શિત કરીને ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો.

# જાફરાબાદના પાટી માણસા ગામે ઠપકો આપતા યુવક પર હુમલો

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ તાલુકાના પાટી માણસા ગામે ગાયનો વાછરડો વેચી દેવા બાબતે ઠપકો આપવા ગયેલા એક યુવક પર ત્રણ શખ્સોએ એકસંપ થઈ ગાળો ભાંડી, ઢીંકાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડ્યાની ઘટના સામે આવી છે. આ મામલે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. શક્તિરાજભાઈ શિવરાજભાઈ વરુ (ઉ.વ. ૨૫)એ બાબુભાઈ સામતભાઈ બારૈયા, સામતભાઈ હમીરભાઈ બારૈયા તથા દિનેશભાઈ મેઘાભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આજથી આશરે એકાદ વર્ષ પહેલાં ગામના જ બાબુભાઈ બારૈયા પાસેથી રૂ. ૫,૦૦૦ની કિંમતે ગાયનો એક વાછરડો વેચાતો લીધો હતો. આ વાછરડો હજુ નાનો હોવાથી તે મોટો થાય ત્યાં સુધી ફરિયાદીએ તેને આરોપી બાબુભાઈના ધણમાં જ ચરાવવા માટે રાખ્યો હતો. જોકે, આરોપી બાબુભાઈએ તેમને જાણ કર્યા વગર જ આ વાછરડો અન્ય ગામના કોઈ વ્યક્તિને વેચી દીધો હતો. આ બાબતની જાણ થતાં તેઓ આરોપી બાબુભાઈ પાસે ગયા હતા અને પોતાની જાણ બહાર વાછરડો વેચી દેવા બાબતે ઠપકો આપ્યો હતો. પોતાની ભૂલનો સ્વીકાર કરવાને બદલે આરોપી બાબુભાઈને આ ઠપકો ગમ્યો ન હતો અને તેમણે ગાળાગાળી શરૂ કરી દીધી હતી. આ દરમિયાન ત્યાં હાજર અન્ય બે આરોપીઓ સામતભાઈ બારૈયા તથા દિનેશભાઈ બારૈયા પણ ધસી આવ્યા હતા અને શક્તિરાજભાઈને પકડી રાખી બેફામ ગાળો આપી ઢીંકાપાટુનો આડેધડ માર માર્યો હતો.સામા પક્ષે બાબુભાઈ સામતભાઈ બારૈયાએ પણ શક્તિરાજભાઈ શિવરાજભાઈ વરુ તથા શિવરાજભાઈ વરુ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, શક્તિરાજભાઈને તેમની પાસેથી ગાયનો વાછરડો વેચાતો લેવો હતો, પરંતુ તેમણે (બાબુભાઈએ) પોતાના ફુઈના દીકરા કનુભાઈને આ વાછરડો વેચી દીધો હતો. જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને લાકડાના ધોકા વડે જમણા તથા ડાબા હાથના ખભા પર મૂઢમાર મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી, તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# લગ્નના છ મહિનામાં જ પરિણીતાને કરિયાવર મુદ્દે સાસરિયાનો ત્રાસ શરૂ

**ગોંડલમાં રહેતા પતિએ ગાળો આપી**

બાબરા, તા. ૨૬

બાબરાની પરિણીતાને લગ્નના છ મહિનામાં જ કરિયાવર મુદ્દે સાસરિયાઓએ કનડગત કરી હતી અને પતિએ ગાળો આપી હતી. આ અંગે ધર્મિષ્ઠાબેન ભરતભાઈ ઘોઘારી (ઉ.વ. ૨૫) એ ગોંડલમાં રહેતા પતિ જયભાઈ ધીરૂભાઈ ધોળકીયા, જેઠ કિશનભાઈ ધીરૂભાઈ ધોળકીયા તથા સસરા ધીરૂભાઈ મનજીભાઈ ધોળકીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમના લગ્ન જયભાઈ ધોળકીયા સાથે છ મહિના પહેલાં થયા હતા. આરોપીઓ અવારનવાર નાની વાતોમાં તથા કરિયાવર બાબતે મેણાં-ટોણાં મારીને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા હતા. પતિએ ગાળો આપી માર માર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. જી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.


સંકુલ સ્કૂલ - કોલેજ શીફ્ટ
UG-PG - All કોલેજ સવાર
ધો. ૬ થી ૧૨ ગર્લ્સ સ્કૂલ બપોર
ધો. ૬ થી ૧૨ મિશ્ર સ્કૂલ સવાર
KG થી ધો. ૧૨ EM સ્કૂલ સવાર
KG થી ધો. ૫ કન્યા કુમાર સવાર
KG થી ધો. ૫ કન્યા કુમાર બપોર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.- Ad081


## તાલુકો એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૯૯/૨૦૨૬

અરજદાર :- શ્રી ખેરુનીશાબેન યાકુબભાઈ મિથવાણી
સરનામુ:- મુ.તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - રાજુલા નગરપાલિકા, તા.રાજુલા, જી.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામે ના શ્રી ખેરુનીશાબેન યાકુબભાઈ મિથવાણીએ તેમની પુત્ર શ્રી અકબરભાઈ યાકુબભાઈ મિથવાણીનો જન્મ તા.૧૨/૦૬/૧૯૭૩ ના રોજ રાજુલા તાલુકાના રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જે.કે.ગૌસ્વામી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## જાહેર નોટીસ

**શ્રી એમ.ડી.ભાલોડી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ**

નં.એમ.એ.જી/જન્મ-મરણ/રજી.કેસ નં-૨૨/૨૬ તા.૧૬/૦૫/૨૦૨૬

અરજદાર :- મંજુલાબેન હીપાભાઈ ખસીયા વા/ઓ. શંભુભાઈ
રહે. ધારેશ્વર, તા.રાજુલા, જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ - મરણ નોંધણી રજીસ્ટારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી પીપળવા, તા.ખાંભા

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મંજુલાબેન હીપાભાઈ ખસીયાના જન્મ તા.૦૧/૦૧/૧૯૬૬ના રોજ પીપળવા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતા ને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટારશ્રીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોવાનું જણાવી, જન્મ/મરણન નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુંસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખ થી દિન-૩૦ સુધીમાં અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધા રજુ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ : ૨૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી.
(એમ.ડી.ભાલાડી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ખાંભા તાલુકા

# લાઠીના હજીરાધાર ગામેથી પરિણીતા પુત્રી સાથે ગુમ

**પરિણીતાની ભાળ ન મળતા દામનગર પોલીસમાં જાણ કરવામાં આવી**

લાઠી, તા. ૨૬

લાઠીના હજીરાધાર ગામેથી એક પરિણીતા પોતાની માસૂમ પુત્રી સાથે ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ઘનશ્યામભાઈ ભીમજીભાઈ કાનમીયા (ઉ.વ.૩૫)એ પોલીસને કરેલી જાહેરાત મુજબ, તેમના ભાઈના પત્ની શીતલબહેન અનિલભાઈ કાનમીયા (ઉ.વ.૨૬) પોતાની છ મહિનાની દીકરીને લઈ, ઘરે કોઈને પણ જાણ કર્યા વગર ક્યાંક ચાલ્યાં ગયાં છે. પરિવારજનો દ્વારા વ્યાપક શોધખોળ કરવા છતાં તેમની કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અંગે દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.આર. ડાભી વધુ તપાસ ચલાવી રહ્યા છે.



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી | વ્યાજબી કિંમત

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

તંત્રી લેખ

# ભારતની ઉર્જા રાજનીતિ: "ઈન્ડિયા ફર્સ્ટ"

વૈશ્વિક રાજનીતિમાં દરેક દેશ પોતાની રાષ્ટ્રીય જરૂરિયાતો અને હિતોને ધ્યાનમાં રાખીને નીતિઓ ઘડે છે. આજના સમયમાં જ્યારે વિશ્વ બહુધ્રુવીય વ્યવસ્થાની તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ભારતે પણ પોતાની વિદેશ નીતિને વધુ સ્વતંત્ર અને વ્યૂહાત્મક બનાવવાનો પ્રયાસ કર્યો છે. અમેરિકાની "અમેરિકા ફર્સ્ટ" નીતિના પ્રતિસાદરૂપે ભારતે "ઈન્ડિયા ફર્સ્ટ" નો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. વિદેશ મંત્રી એસ.જયશંકરએ અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયા સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં ભારતની આ નીતિને દૃઢતાથી રજૂ કરી હતી. આ નિવેદન માત્ર રાજદ્વારી જવાબ ન હતું, પરંતુ ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા, ઉર્જા સુરક્ષા અને રાષ્ટ્રીય હિતોની ઘોષણા સમાન હતું.અમેરિકાએ ભારતને "જેટલું જોઈએ તેટલું તેલ" પૂરું પાડવાની તૈયારી દર્શાવી હતી. આ ઓફર પાછળ અમેરિકાનો હેતુ ભારત સાથેનો વેપાર વધારવાનો અને રશિયા પરની ભારતની નિર્ભરતા ઘટાડવાનો હતો. પરંતુ ભારત માટે ઉર્જા નીતિ માત્ર સસ્તા તેલનો પ્રશ્ન નથી; તે લાંબા ગાળાની સુરક્ષા અને સ્થિરતાનો મુદ્દો છે. ડૉ. જયશંકરે સ્પષ્ટ કર્યું હતું કે ભારતની ઉર્જા નીતિ ચાર મુખ્ય આધારસ્તંભો પર ટકેલી છે – બહુવિધ સ્ત્રોતો, મોટા સ્ત્રોતો, વિશ્વસનીય સ્ત્રોતો અને સસ્તા સ્ત્રોતો. અમેરિકા આમાંથી ઘણા માપદંડોને પૂર્ણ કરે છે, છતાં ભારત કોઈ એક દેશ પર સંપૂર્ણ રીતે નિર્ભર રહેવા માંગતું નથી.વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને ૧૪૦ કરોડથી વધુ વસ્તી ધરાવતા દેશ માટે ઉર્જા સુરક્ષા અત્યંત મહત્વપૂર્ણ છે. ૨૦૨૨ના યુક્રેન યુધ્ધ પછી યુરોપે રશિયન ગેસ પર વધુ પડતી નિર્ભરતાની ગંભીર અસર અનુભવી હતી. ભારત એ ભૂલનું પુનરાવર્તન કરવા માંગતું નથી. તેથી ભારત આજે રશિયા, સાઉદી અરેબિયા, ઈરાક, યુએઈ અને અમેરિકા સહિત અનેક દેશોમાંથી તેલ આયાત કરે છે. આ નીતિ ભારતની "સ્ટ્રેટેજિક ઓટોનોમી" એટલે કે વ્યૂહાત્મક સ્વતંત્રતાનું ઉત્તમ ઉદાહરણ છે."ઈન્ડિયા ફર્સ્ટ" નો અર્થ સંકુચિત રાષ્ટ્રવાદ નથી. તેનો મૂળ અર્થ એ છે કે ભારતના તમામ નિર્ણયો ભારતીય જનતાના હિતને કેન્દ્રમાં રાખીને લેવામાં આવશે. અમેરિકા સાથે ભારતના અનેક ક્ષેત્રોમાં હિતો સમાન છે. સંરક્ષણ, ટેકનોલોજી, ક્વાડ ગઠબંધન અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં બંને દેશો મજબૂત ભાગીદારો છે. પરંતુ જ્યાં રાષ્ટ્રીય હિતો અથડાય છે, ત્યાં ભારત પોતાનો માર્ગ પસંદ કરશે. જયશંકરે ઉર્જા બજારને "બજારના નિયમો પર ચાલવા દેવું જોઈએ" એમ કહીને વૈશ્વિકીકરણના સિધ્ધાંતનું સમર્થન કર્યું હતું. રાજકીય દબાણથી ઉર્જા પુરવઠામાં અવરોધ આવે તો તેની અસર સામાન્ય નાગરિક પર મોંઘવારી રૂપે પડે છે.આ પ્રકરણમાં ઈમિગ્રેશન અને વિઝા નીતિનો મુદ્દો પણ મહત્વનો છે. અમેરિકામાં કડક ઈમિગ્રેશન નીતિઓ અમલમાં આવતાં ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોમાં ચિંતા વધી છે. ખાસ કરીને H-1B અને F-1 વિઝા પર આધારિત લોકો માટે આ મુદ્દો અગત્યનો છે. "ઈન્ડિયા ફર્સ્ટ" નીતિનો અર્થ એ પણ થાય છે કે ભારત પોતાના નાગરિકોના હિતોની રક્ષા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે દૃઢ વલણ અપનાવશે.અંતમાં કહી શકાય કે "ઈન્ડિયા ફર્સ્ટ" ભારતની નવી વિદેશ નીતિનું પ્રતિબિંબ છે. શીત યુધ્ધકાળની ગુટનિરપેક્ષ નીતિ હવે "બહુ-સંલગ્નતા" માં પરિવર્તિત થઈ ગઈ છે. ભારત અમેરિકા સાથે સહકાર જાળવી રાખશે, રશિયા સાથે ઐતિહાસિક સંબંધોને મજબૂત રાખશે અને ગ્લોબલ સાઉથનો અવાજ પણ બનશે. આ નીતિ આત્મનિર્ભરતા અને વૈશ્વિક સહયોગ વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ છે. આજના બદલાતા વિશ્વમાં ભારત એક ઉભરતી વૈશ્વિક શક્તિ તરીકે પોતાની ઓળખ મજબૂત બનાવી રહ્યું છે.

# અમરેલી જિલ્લા પંચાયત ખાતે જિલ્લા સલાહકાર સમિતિની બેઠક મળી

અમરેલી,તા.૨૬



અમરેલી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સલાહકાર સમિતિની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ના કડક અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં બાકી રહેલી વહીવટી કાર્યવાહીને વેગ આપવા અને નવા ક્લિનિકના રજિસ્ટ્રેશનને મંજૂરી આપવા જેવા મહત્વના નિર્ણયો લેવાયા હતા. આ કાયદા હેઠળ સ્ત્રી ભ્રૂણ ગર્ભ પરીક્ષણ અને તેને લગતા તમામ બિનઅધિકૃત કૃત્યો પર સંપૂર્ણ પ્રતિબંધ છે, તેમજ તેનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની જોગવાઈ છે. બેઠક દરમિયાન સમાજમાં દીકરીઓની સંખ્યા વધે તે હેતુથી તાલુકા કક્ષાએ વ્યાપક જનજાગૃતિના કાર્યક્રમો યોજવા અને જિલ્લાના દરેક રજિસ્ટર્ડ ક્લિનિકનું સમયસર વેરિફિકેશન કરવાના આદેશો આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અમરેલીના પ્રમુખ ડૉ. ગજેરા સહિત સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરાના ગરણી ગામે ટ્રેક્ટર ખાડામાં પલટી જતાં એકનું મોત

બાબરા, તા. ૨૬

બાબરા નજીકના ગરણી ગામે, આટકોટ રોડ ઉપર આવેલા ગણેશ પાર્ટી પ્લોટ પાસે ટ્રેક્ટર ખાડામાં પલટી જતાં એક યુવકનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે પાનસડા ગામના જગદીશભાઈ ભનુભાઈ ગોસ્વામી (ઉં.વ.૨૭) એ જાહેર કર્યા મુજબ, જીતેશભાઈ ભનુભાઈ ગોસ્વામી (ઉં.વ. ૨૬) વાડીએ ખાતર ખાલી કરીને પરત આવી રહ્યા હતા. ઉપરોક્ત સ્થળે તેઓ પોતાનું ટ્રેક્ટર પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી રહ્યા હતા, ત્યારે અચાનક ટ્રેક્ટર પરનો કાબૂ ગુમાવી બેસતાં ટ્રેક્ટર રોડની સાઈડમાં આવેલા ખાડામાં પલટી મારી ગયું હતું. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું મોત નીપજ્યું હતું.

બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ ચંદુભા સોલંકી આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલી શહેરમાં બાકી પૈસા મુદ્દે યુવકને ઢીકાપાટુનો માર માર્યો

અમરેલી, તા.૨૬

અમરેલીમાં સેન્ટિંગના સામાનના ભાડાના બાકી પૈસા મુદ્દે એક યુવકને ઢીકાપાટુ વડે માર મારવામાં આવ્યો હતો. સંજયભાઈ જેઠાભાઈ બગડા (ઉ.વ.૩૫)એ આરોપી રાજુભાઈ ધારગણી વાળા તથા તેમના દીકરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સંજયભાઈના પિતા છેલ્લા છ-સાત વર્ષથી રાજુભાઈ ધારગણી પાસેથી સેન્ટિંગનો સામાન ભાડે લેતા હતા. તેમની પાસે ભાડાના પૈસા બાકી હોવાથી આરોપીએ સંજયભાઈને અમરેલી જેશીંગપરા કામનાથ મંદિરના ગેટ પાસે બોલાવ્યા હતા.

જ્યાં બંને આરોપીઓએ તેમને ઢીકાપાટુ વડે મૂઢમાર મારીને ગાળો આપી હતી. અમરેલી એસ.સી. એસ.ટી. સેલના નાયબ પોલીસ અધીક્ષક પી. આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં વ્યાજખોરોના ત્રાસ અને જમીન પચાવી પાડવાના વિવાદમાં ખેડૂતે ફિનાઈલ ગટગટાવ્યું

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં વ્યાજખોરોના વિષચક્ર અને બાનાખતના દુરુપયોગથી કિંમતી જમીન ગુમાવવાનો વારો આવતા એક મજબૂર ભોગ બનનારે ગંભીર પગલું ભરી લીધું હતું. જમીન હાથમાંથી ચાલી જતાં આઘાત લાગવાના કારણે ભોગ બનનારે જાતે ફિનાઈલ પી લેતા ચકચાર મચી ગઈ છે. આ મામલે કેતન બંધીયા અને ગૌતમ બંધીયા નામના બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.ભોગ બનનાર વ્યક્તિએ વર્ષ ૨૦૨૧માં આરોપી કેતનભાઈ બંધીયા અને ગૌતમભાઈ બંધીયા પાસે પોતાની જમીન ગીરવે મૂકી હતી. આ સમયે કેતનભાઈ બંધીયાના નામે એક બાનાખત કરાવીને ૫ ટકાના ઊંચા વ્યાજે રૂ. ૩૦ લાખ (૩૦,૦૦,૦૦૦) લીધા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૨માં જરૂરિયાત ઊભી થતાં ભોગ બનનારે ફરીથી આ જ શખ્સો પાસેથી ૫ ટકા વ્યાજે બીજા રૂ. ૫૦ લાખ (૫૦,૦૦,૦૦૦) લીધા હતા. આરોપી કેતન બંધીયાએ પૈસાની સામે સુરક્ષા તરીકે રાખેલા બાનાખતનો કથિત રીતે દુરુપયોગ કર્યો હતો. તેણે આ મામલે કોર્ટમાં કેસ દાખલ કરી દીધો હતો. કાયદાકીય ગૂંચવણોના કારણે કોર્ટનો ચુકાદો પણ કેતન બંધીયાની તરફેણમાં આવ્યો હતો. કોર્ટમાંથી પોતાની તરફેણમાં ચુકાદો આવતા જ કેતન બંધીયાએ આ ગીરવે રાખેલી જમીન અન્ય બે વ્યક્તિઓને વેચી દીધી હતી. આ બાબતનું મનમાં સતત દુઃખ રહેતા, તેણે અંતે કંટાળીને પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું. ઘટનાના પગલે ચકચાર મચી ગઈ હતી. અમરેલી સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધારીના દહીડા ગામની સીમમાં ઝટકા મશીનનો વાયર કાઢી નાખવાનું કહી માથામાં ધારીયું માર્યું

**જાનથી મારી નાખવાની સામસામી ફરિયાદ નોંધાઈ**

ધારી, તા.૨૬

ધારીના દહીડા ગામની સીમમાં વાડીમાં મૂકેલા ઝટકા મશીનના શોક મુદ્દે કુટુંબીજનોમાં ડખો થયો હતો, જેમાં બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી.

ઉમેશભાઈ બસુભાઈ જેબલીયા (ઉં. ૩૭) એ નાજભાઈ જીવાભાઈ જેબલીયા, મહેશભાઈ નાજભાઈ જેબલીયા, જયરાજભાઈ નાજભાઈ જેબલીયા તથા દિલુભાઈ નાજભાઈ જેબલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની વાડીએ રસ્તા પરથી જતા હતા ત્યારે આરોપીઓએ રસ્તામાં ચાલવાની ના પાડી હતી અને વાડીમાં મૂકેલો ઝટકા શોક કાઢી નાખવા કહ્યું હતું. જેથી ઉમેશભાઈએ કહ્યું કે, "વાડીમાં ચાલવાનો રસ્તો કાયદેસરનો છે અને ઝટકા શોક મેં મારી વાડીમાં મૂક્યો છે." આ સાંભળી આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડીના ઘા માર્યા હતા. તેમણે (ઉમેશભાઈએ) પોતાની વાડીએ કામ કરતા પિતા પાસે જઈને આ બનાવની હકીકત જણાવી હતી. થોડીવાર પછી આરોપીઓ તેમના ખેતરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી આવ્યા હતા અને હાથમાં રહેલું ધારીયું માથાના ભાગે મારી દીધું હતું. ઉપરાંત તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ સામે પક્ષે નાજભાઈ જીવાભાઈ જેબલીયા (ઉં. ૬૦) એ ઉમેશભાઈ બસુભાઈ જેબલીયા તથા બસુભાઈ રાવતભાઈ જેબલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની તથા આરોપીની વાડી એક જ શેઢે આવેલી છે. આરોપીએ તેમના ખેતરમાં ઝટકા શોક મૂકેલો હોવાથી તેમણે કહ્યું કે, "તારી વાડીમાં મૂકેલો ઝટકા ચોક બંધ કરી દે, કેમ કે મારી વાડીમાં મજૂરો આવેલા છે અને તેમની સાથે નાના બાળકો પણ છે, જો તેઓ આ ઝટકાના વાયરને અડી જશે તો અકસ્માત થશે." આ સાંભળી આરોપીએ "ઝટકા શોક તો ચાલુ જ રહેશે, તારાથી થાય તે કરી લેજે" તેમ કહી ધક્કો મારી જમીન પર પાડી દીધા હતા અને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ ઉપરાંત, થોડે દૂર ખેતરમાં ઊભા રહી હાથમાં રહેલી લોખંડની ખપાળી બતાવી જેમ ફાવે તેમ ગાળો આપી હતી તેમજ "જો હવે અમારી સામે વધારે કાંઈ બોલીશ તો તને જાનથી મારી નાખીશું" તેવી ધમકી આપી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૫૦ | ૧૮૭૯ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૮૧૬ | ૯૬૦ |
| જુવાર લાલ | ૮૪૦ | ૯૨૨ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૨૫ |
| બાજરી | ૩૦૦ | ૪૧૮ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૩૧ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૧૭૦ |
| ચણા સફેદ | ૧૧૪૦ | ૧૭૫૫ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૫૧ |
| મગ | ૧૪૦૦ | ૧૯૩૩ |
| વાલ દેશી | ૬૨૧ | ૮૬૧ |
| ચોળી | ૮૧૦ | ૧૫૨૫ |
| વટાણા | ૫૬૦ | ૯૦૭ |
| રાજમા | ૯૦૦ | ૧૫૨૫ |
| સીંગદાણા | ૧૫૨૫ | ૧૯૨૫ |
| મગફળી જાડી | ૧૩૨૦ | ૧૬૩૦ |
| મગફળી જીણી | ૧૩૪૦ | ૧૭૩૦ |
| અળશી | ૧૮૩૬ | ૧૮૩૬ |
| તલી | ૧૯૦૦ | ૨૭૦૧ |
| એરંડા | ૧૧૭૫ | ૧૩૧૮ |
| અજમો | ૧૮૦૦ | ૨૪૮૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૨૨૦ | ૧૬૭૫ |
| સીંગફાડા | ૧૪૫૦ | ૧૮૯૦ |
| કાળા તલ | ૨૨૫૧ | ૩૬૨૧ |
| લસણ | ૯૭૦ | ૧૬૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૪૫૦ |
| ધાણી | ૨૨૫૦ | ૨૭૩૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૫૦ |
| રાય | ૧૩૫૦ | ૧૭૨૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૯૦૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૧૪૦ |
| કલોંજી | ૨૪૦૦ | ૩૪૦૦ |
| રાયડો | ૧૨૩૦ | ૧૪૦૫ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૭૩૫૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૧૪૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૪૮ | ૫૫૪ |
| લીંબુ | ૧૦૨૫ | ૨૦૧૫ |
| સાકરટેટી | ૧૩૯ | ૨૬૦ |
| તરબુચ | ૧૦૫ | ૧૯૦ |
| પપૈયા | ૭૧ | ૧૩૮ |
| બટેટા | ૧૦૧ | ૨૯૨ |
| ડુંગળી સુકી | ૬૦ | ૩૧૫ |
| ટમેટા | ૩૧૨ | ૫૪૨ |
| સુરણ | ૮૩૧ | ૧૦૩૨ |
| કોથમરી | ૫૬૧ | ૮૩૬ |
| રીંગણા | ૧૫૪ | ૨૮૫ |
| કોબીજ | ૧૧૧ | ૧૭૬ |
| ફ્લાવર | ૩૩૩ | ૫૭૨ |
| ભીંડો | ૨૫૫ | ૪૨૯ |
| ગુવાર | ૩૧૩ | ૭૭૫ |
| ચોળાસીંગ | ૨૦૫ | ૩૮૮ |
| ટીંડોળા | ૩૦૫ | ૫૮૯ |
| દુધી | ૧૦૩ | ૨૧૧ |
| કારેલા | ૨૬૬ | ૪૭૧ |
| સરગવો | ૨૫૬ | ૫૬૨ |
| તુરીયા | ૪૭૭ | ૬૪૩ |
| પરવર | ૫૧૩ | ૭૨૨ |
| કાકડી | ૨૦૩ | ૩૩૧ |
| ગાજર | ૨૪૧ | ૫૦૨ |
| વટાણા | ૧૧૧૪ | ૧૩૮૭ |
| ગલકા | ૨૦૯ | ૩૨૩ |
| બીટ | ૧૮૫ | ૪૧૦ |
| મેથી | ૫૫૪ | ૭૯૪ |
| ડુંગળી લીલી | ૫૨૫ | ૮૮૪ |
| આદુ | ૧૪૪૩ | ૧૬૮૫ |
| મરચા લીલા | ૪૫૧ | ૫૮૬ |
| મકાઇ લીલી | ૧૮૮ | ૪૨૭ |
| ગુંદા | ૨૮૬ | ૪૭૯ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૮૮૬ |
| ઘઉં લોકવન | ૪૬૨ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૬૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૪૦૧ | ૧૮૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૩૧૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૫૧ |
| કલંજી | ૧૧૦૧ | ૩૩૪૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૫૫૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૪૭૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૦૬ |
| અડદ | ૭૦૧ | ૧૬૧૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૪૧ |
| રાયડો | ૧૨૨૬ | ૧૩૯૧ |
| રાય | ૧૧૨૬ | ૧૫૫૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૭૧૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૫૫૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૬૫૧ |
| ડુંગળી સફેદ | ૨૨૪ | ૨૩૨ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૭૬ |
| સોયાબીન | ૧૧૨૬ | ૧૫૭૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૬૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૨૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૪૦ |
| કાકડી | ૬૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૪૦ |
| ભીંડો | ૮૦ | ૪૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૨૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૭૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૪૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૮૦ | ૭૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૫ |
| બીટ પુરા | ૧૦ | ૧૨ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૬૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૪૦ |
| આદુ | ૨૦૦ | ૧૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| મકાઇ ડોડા | ૧૪૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૧૫ | ૧૫૭૦ |
| ગીરનાર શિંગ | ૧૧૨૦ | ૧૩૫૦ |
| શિંગ મોટી | ૧૦૫૦ | ૧૫૬૫ |
| શિંગ દાણા | ૧૮૧૫ | ૧૯૧૫ |
| શિંગ દાણા ફાડા | ૧૩૦૦ | ૧૭૫૫ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૫૧૦ |
| તલ કાળા | ૨૨૪૫ | ૩૫૭૦ |
| તલ કાશમીરી | ૨૨૭૫ | ૨૩૩૫ |
| બાજરો | ૩૧૦ | ૪૭૫ |
| જુવાર | ૪૫૦ | ૮૯૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૫૦૦ |
| મગ | ૯૭૫ | ૧૬૯૦ |
| અડદ | ૯૨૦ | ૧૪૯૫ |
| ચણા | ૯૧૦ | ૧૧૮૦ |
| ચણા દેશી | ૧૦૭૦ | ૧૧૫૦ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| તુવેર | ૭૦૦ | ૧૫૦૦ |
| કપાસ | ૧૦૨૫ | ૧૯૮૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૨૯૫ |
| જીરુ | ૨૫૦૦ | ૩૯૧૫ |
| રાય | ૧૨૨૫ | ૧૨૬૦ |
| ઈસબગુલ | ૧૪૩૦ | ૧૭૦૦ |
| ધાણા | ૨૩૯૦ | ૨૩૯૦ |
| ધાણી | ૨૧૦૦ | ૨૫૦૦ |
| અજમાં | ૧૫૦૦ | ૨૦૪૦ |
| મેથી | ૯૩૦ | ૧૩૨૦ |
| સોયાબીન | ૧૩૯૫ | ૧૫૦૦ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૫૪૫૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૩૨૦ | ૬૧૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૭૦ |
| શકકરીયા | ૫૩૦ | ૬૨૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૭૯૦ | ૯૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૬૦ |
| કારેલા | ૫૫૦ | ૬૫૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| કાચીકેરી | ૬૦૦ | ૧૦૫૦ |
| કાકડી | ૩૦૦ | ૪૩૦ |
| ગુવાર | ૫૦૦ | ૭૦૦ |
| પાકીકેરી | ૮૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૫૫૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ગરમર | ૬૫૦ | ૮૫૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૫૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૬૩૦ | ૭૨૦ |
| મેથીભાજી | ૭૫૦ | ૮૫૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૦૦ |
| બીટ | ૩૯૦ | ૪૯૦ |
| સરગવો | ૫૫૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૭૨૦ |
| ડુંગળી સુકી | ૨૨૦ | ૩૨૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૨૧૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીબુ | ૮૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૩૫૦ | ૪૧૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૬૨૫ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૩૦ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૧૮૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૬ |
| તલ કાળા | ૨૬૫૦ | ૩૪૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૫૭૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૮૨૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| જુવાર | ૬૦૦ | ૯૬૦ |
| મકાઈ | --- | ૪૫૦ |
| મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૦૮ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૬૩ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૬૮ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| રાય/રાયડો | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૪૦ | ૧૮૭૦ |
| કપાસ મીડી. | ૧૫૫૦ | ૧૬૧૦ |
| મગફળી | ૧૨૧૦ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૮૬૦ | ૩૧૦૦ |
| જીરૂ | ૩૦૧૦ | ૩૪૬૦ |
| ચણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૧૭૫ |
| મગ | ૧૩૯૦ | ૧૫૩૦ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૫૭૦ | ૨૪૧૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૭૭૦ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૯૫ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૫૨ |
| ઘઉં ટુકડા | ૪૪૭ | ૪૫૬ |
| તુવેર | ૧૨૪૦ | ૧૩૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૧૨ |
| મગ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૫૮ |
| ધાણા | ૨૦૩૫ | ૨૪૦૦ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૮૬૦ |
| તલ કાળા | ૨૯૪૦ | ૨૯૪૦ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૧૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૩૧૦ | ૪૪૮ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ધાણા | ૨૨૭૦ | ૨૩૦૦ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૨૪૦૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૦૫૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૧૪૭૮ | ૧૬૬૧ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૨૭૫ | ૧૬૦૦ |
| શીંગ ગીરનાર | ૧૨૧૫ | ૧૪૨૧ |
| શીંગ જી-૨૦ | ૧૧૬૦ | ૧૩૪૦ |
| એરંડા | ૮૩૫ | ૧૩૧૪ |
| અડદ | ૯૦૧ | ૧૫૬૪ |
| મગ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૫૦૦ | ૧૪૪૨ |
| ચણા | ૯૮૩ | ૧૧૪૮ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૫૫ |
| તલ કાળા | ૧૨૦૦ | ૩૪૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૮૮ |
| જીરૂ | ૧૭૦૦ | ૨૮૮૫ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૪૦ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૩૧૦ |
| નાળીયેર | ૫૫૬ | ૨૮૧૮ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૮૧૧ | ૧૮૧૧ |
| મગફળી | ૧૧૨૧ | ૧૧૯૭ |
| ચણા | ૧૦૬૫ | ૧૧૧૧ |
| જુવાર સફેદ | ૭૦૧ | ૮૨૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૫૧ |
| તલ કાળા | ૩૧૨૫ | ૩૧૨૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ઘઉં | ૪૧૫ | ૪૧૫ |
| ધાણા | ૨૧૧૧ | ૨૧૧૧ |
| બાજરો | ૩૫૨ | ૪૫૨ |
| મગ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| મેથી | ૧૧૫૨ | ૧૩૧૨ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૭૦ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૨૯૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૮૧૮ |
| બાજરો | ૩૪૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૩૯૦ | ૪૭૬ |
| જુવાર | ૩૫૦ | ૯૮૬ |
| મગ | ૧૩૦૧ | ૧૬૫૭ |
| અડદ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ચણા | ૮૦૨ | ૧૧૧૬ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| એરંડી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૪૦૧ | ૨૩૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૫૪ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૫૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૮૦૧ | ૧૭૫૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૦ |
| મગ | ૧૦૦૧ | ૧૭૭૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૩૬ |
| અડદ | ૯૦૦ | ૧૦૦૧ |
| તુવેર | ૭૫૧ | ૧૪૮૬ |
| મગફળી | ૮૫૧ | ૧૩૯૬ |
| શિંગ ફાડા | ૧૪૦૧ | ૧૭૪૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૩૯૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૨૩૧ |
| રાય | ૧૩૪૧ | ૧૩૪૧ |
| મેથી | ૧૦૦૧ | ૧૩૯૬ |
| જીરૂ | ૧૩૦૧ | ૩૫૯૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૪૭૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૮૧ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૬૬૦ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૫૨૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૩૫ | ૫૧૭ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૮ |
| રાઈ | ૧૨૩૦ | ૧૪૦૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૩૫ |
| જુવાર | ૭૫૦ | ૯૫૦ |
| મગ | ૧૪૫૮ | ૧૮૩૨ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૪૦૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૮૬૦ | ૯૫૦ |
| બાજરો | ૩૫૦ | ૪૪૦ |
| ઘઉં | ૪૩૫ | ૪૬૦ |
| મગ | ૧૪૦૦ | ૧૭૮૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ચોળી | ૧૨૦૦ | ૧૫૭૦ |
| વાલ | ૬૦૦ | ૬૦૫ |
| મેથી | ૧૩૫૫ | ૧૪૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૨૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૮ |
| તલ | ૧૫૦૦ | ૨૩૪૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૨૪૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૪૧૩ |
| રાય | ૧૨૫૦ | ૧૬૪૫ |
| લસણ | ૮૮૦ | ૧૯૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૭૫૦ |
| અજમો | ૨૦૦૦ | ૩૬૦૫ |
| અમજમાની ભૂસી | ૧૦૦ | ૨૫૫૦ |
| ધાણા | ૧૮૨૫ | ૨૪૧૦ |
| ડુંગળી સુકી | ૬૫ | ૩૦૫ |
| વટાણા | ૫૦૦ | ૭૮૫ |
| કલોંજી | ૧૨૦૦ | ૩૩૨૫ |
| રાજમા | ૬૨૫ | ૧૦૨૫ |



લાગે તો તીર :-અભણ અમથાલાલ વન નેશન -વન ઈલેકશનના ફાયદા સમજાવી રહ્યા હતાં

06

# કોક્રોચ પાર્ટી ક્રાંતિ લાવી શકે ?




કોક્રોચ પાર્ટી ભારતમાં ક્રાંતિ લાવી દેશે ?

અભિજીત દીપકે નામના યુવકે અમેરિકામાં બેઠાં બેઠાં સોશિયલ મીડિયા પર બનાવી નાંખેલી કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ દેશભરમાં ભારે ચર્ચા જગાવી દીધી છે. ભારતમાં પોતાને રાજકીય સંગઠન ગણાવતી કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)માં દેશની જેન-ઝી એટલે કે યુવા વર્ગને ભારે રસ પડી ગયો છે તેથી યુવાઓનું પ્લેટફોર્મ મનાતા ઈન્સ્ટાગ્રામ પર કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના ફોલોઅર્સની ભરતી આવી ગઈ છે.

ગણતરીના દિવસોમાં જ ઈન્સ્ટાગ્રામ પર સીજેપીના ફોલોઅર્સનો આંકડો ૨ કરોડને વટાવી ગયો છે. ઈન્સ્ટાગ્રામ પર વરસોથી સક્રિય ભાજપના ૯૦ લાખ અને કોંગ્રેસના ૧.૩૪ કરોડ ફોલોઅર્સ છે જ્યારે નવીસવી આવી સીજેપીના ફોલોઅર્સની સંખ્યા ૨ કરોડને પાર થઈ ગયા તેના કારણે કેન્દ્ર સરકાર પણ ચોંકી ગઈ છે.

કેન્દ્ર સરકારે સીજેપીને રાષ્ટ્રની સુરક્ષા માટે ખતરારૂપ ગણાવીને તેના એક્સ એકાઉન્ટને બ્લોક કરાવી દીધું છે. કેન્દ્ર સરકારનું કહેવું છે કે, સીજેપીના એકાઉન્ટમાંથી દેશની સુરક્ષા માટે ખતરારૂપ સામગ્રી પિરસાય એવો ખતરો હોવાનો ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)નો રિપોર્ટ હોવાથી એકાઉન્ટ બ્લોક કરી દેવાયું છે.

સીજેપીએ એક એકાઉન્ટ બ્લોક કરાયું તો એક્સ પર 'કોકરોચ ઈઝ બેક' નામે નવું એકાઉન્ટ બનાવી દીધું. જૂના એકાઉન્ટના બે લાખ જેટલા ફોલોઅર્સ હતા જ્યારે નવું એકાઉન્ટ શરૂ થયું પછી બે દિવસમાં તો ફોલોઅર્સની સંખ્યા બે લાખ પર પહોંચી ગઈ. તેના પરથી સ્પષ્ટ છે કે, સીજેપી લોકોમાં રસ જગાવી રહી છે.

સીજેપીને મળી રહેલા પ્રતિસાદનું કેટલાંક વિશ્લેષકો એવું અર્થઘટન કરી રહ્યા છે કે, ભારતીય યુવાઓમાં અત્યારે ભયંકર હતાશા અને આક્રોશ છે. સીજેપીએ તેને વાચા આપવા માંડી તેથી યુવાઓ તેની તરફ આકર્ષાયા છે. આ આકર્ષણ વધતું જશે તો ભારતમાં લોકો રસ્તા પર ઉતરી આવશે ને ક્રાંતિ લાવી દેશે. તેના સમર્થનમાં આરબ સ્પ્રિંગ અને થોડા સમય પહેલાં નેપાળમાં થયેલી લોકચળવળનાં ઉદાહરણ અપાય છે.

આ વાત સાચી છે ?

■■■

ભારતમાં કદાચ ક્રાંતિ શક્ય નથી.

પહેલી વાત એ કે, કોક્રોચ પાર્ટીને મળી રહેલો પ્રતિસાદ સોશિયલ મીડિયા પર છે અને સોશિયલ મીડિયા પર કઈ રીતે તોફાન ઉભું કરાય છે કે દેકારો મચાવાય છે એ બધાં જાણે છે. સોશિય મીડિયા પર કોઈ ભલી વાર ના હોય એવા મુદ્દે પણ કરાતી ટ્વિટ્સ પણ ટ્રેન્ડ કરે છે ને કરોડોમાં રી-ટ્વિટ થઈ જાય છે પણ એ બધો ઉભરો થોડીક વારમાં શમી જાય છે.

અઠવાડિયા પછી પણ લોકોને એ મુદ્દો યાદ રહેતો નથી. કોક્રોચ પાર્ટી અઠવાડિયા કરતાં વધારે સમયથી ધૂમ મચાવી રહી છે એ સાચું તેના કારણે ક્રાંતિ ના આવે. કોક્રોચ પાર્ટીના કહેવાતા સમર્થકો રસ્તા પર ઉતરે ને એક વ્યવસ્થિત આંદોલન જગાવે તો હજુ કોઈ નવાજૂની થશે એવું માની શકાય. બાકી સોશિયલ મીડિયા પર દેકારો કરવાથી ક્રાંતિ ના આવે.

બીજું એ કે, કોક્રોચ પાર્ટીના સમર્થકોની સંખ્યા આખા દેશને હચમચાવી દે એટલી મોટી નથી. ભારતની ૧૫૦ કરોડની વસતીમાંથી ૨ કરોડ લોકો કોક્રોચ પાર્ટીને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરે એ બધા તેના ચુસ્ત સમર્થક હોય એમ માનીએ તો પણ દેશની વસતીમાં આ પ્રમાણ ૨ ટકાથી પણ ઓછું છે. આ ૨ કરોડ લોકો દેશભરમાં રસ્તા પર ઉતરે તો ચોક્કસ પ્રચંડ આંદોલન ઉભું થાય પણ સોશિયલ મીડિયાના બહાદુરો અસલી જંગથી ભાગતા હોય છે તેથી એવી શક્યતા નથી. લોકો બીજાંની દેખાદેખી જોડાઈ જતાં હોય છે તેથી આ સંખ્યા વધતી જાય તો મુશ્કેલી ઉભી થાય પણ ખાલી સોશિયલ મીડિયા પર દેશની વસતીનાં દોઢ ટકા લોકો હોહા કરે તેના કારણે ક્રાંતિ ના થાય.

**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

ત્રીજું એ કે, ભારત બહુ મોટો દેશ છે અને દેશના અલગ અલગ ભાગોમાં લોકોને અલગ અલગ મુદ્દા મહત્વના લાગતા હોય છે. કોક્રોચ પાર્ટીના મુદ્દા શહેરી વિસ્તારોનાં લોકોને આકર્ષક લાગતા હશે પણ અર્ધશહેરી કે ગ્રામીણ વિસ્તારોમાં એટલા મહત્વના ના પણ લાગે એ જોતાં તેને દેશવ્યાપી સમર્થન મળે એવી આશા પણ ના રખાય.

ભારત જેવા દેશમાં ક્રાંતિ માટે બહુ મહેનત કરવી પડે ને કોક્રોચ પાર્ટી જેવું અભિયાન હજુ પ્રારંભિક તબક્કામાં છે એ જોતાં ક્રાંતિની આગાહીઓ બહુ વધારે પડતી પણ છે ને અત્યંત વહેલી પણ છે.

■■■

સીજેપી પાકિસ્તાન પ્રેરિત છે ?

ભાજપનો આક્ષેપ છે કે, આ રસ ભારતીયોને નહીં પણ પાકિસ્તાનીઓ સહિતના વિદેશીઓને છે કેમ કે, સીજેપીના લગભગ ૫૦ ટકા ફોલોઅર્સ પાકિસ્તાની છે. ભાજપની યુવા પાંખ ભારતીય જનતા યુવા મોરચાના સેક્રેટરી તજિન્દર બગ્ગાએ સીજેપીના ફોલોઅર્સનો પાઈ ચાર્ટ ધરાવતો ગ્રાફિક પોસ્ટ કર્યો છે.

આ ગ્રાફિકમાં દાવો કરવામાં આવ્યો છે કે, સીજેપીના ફોલોઅર્સમાં ૪૯% પાકિસ્તાનના, ૧૪% યુનાઈટેડ સ્ટેટ્સના, ૧૪% બાંગ્લાદેશના અને ફક્ત ૯% જ ભારતના છે. બાકીના યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા, સાઉદી અરેબિયા અને યુએઈના છે એ જોતાં ૯૦ ટકાથી વધારે તો વિદેશીઓ છે. ભાજપ તરફી ઘણા ઈન્ફ્લુઅન્સર્સ તથા મીડિયાનાં લોકોએ પણ આ પોસ્ટ કરી છે.

અભિજીતે આ પોસ્ટને જૂઠી અને હાસ્યાસ્પદ ગણાવી છે. અભિજીતનો દાવો છે કે, સીજેપીના ઈન્સ્ટાગ્રામ પેજના વ્યૂઅર્સમાં ભારતનો હિસ્સો ૯૪.૭% છે. ભારત પછી યુનાઈટેડ સ્ટેટ્સ ૧%, યુનાઈટેડ કિંગડમ ૦.૭% અને કેનેડા અને સંયુક્ત આરબ અમીરાત ૦.૬% છે. પાકિસ્તાન કે બાંગ્લાદેશ તો ક્યાંય છે જ નહીં. અભિજીતનો તો એવો પણ દાવો છે કે, સીજેપીનું એકાઉન્ટ હેક કરવાના પ્રયત્નો થયા પણ તેમાં સફળ ના થતાં તેને પાકિસ્તાની સાબિત કરવાના ઉધામા શરૂ કરાયા છે.

આ બંનેમાંથી કોનો દાવો સાચો છે એ ખબર નથી પણ આ અભિયાન પાકિસ્તાન પ્રેરિત હોય તો આ બાબત ગંભીર કહેવાય. તેની પૂરતી તપાસ થવી જોઈએ ને લોકો સામે સત્ય મૂકાવું જોઈએ કેમ કે ભારતની રાજકીય બાબતોમાં બીજા દેશની દખલ ના ચલાવી લેવાય. બીજી તરફ ભાજપ યુવા મોરચાના નેતાઓએ કરેલો દાવો ખોટો હોય તો લોકોને જૂઠા દાવા કરીને ગેરમાર્ગે દોરવા બદલ તેમની સામે પણ કેસ થવો જોઈએ.

■■■

ભારતમાં હવે ક્રાંતિ કે પરિવર્તન આવી શકે ?

મોટા ભાગે ના આવી શકે કેમ કે ભારતમાં લોકો લડવાની તાકાત ગુમાવી બેઠાં છે. ભારતમાં વરસો જૂની સમસ્યાઓનો અંત નથી ને બીજી તરફ નવી નવી સમસ્યાઓ વધતી જાય છે પણ લોકોમાં લડવાની તાકાત જ નથી રહી એવું લાગે છે. તેના કારણે મોંઘવારીનો માર લોકો મૂંગા મોંઢે સહન કરી લે છે, અધિકારીઓ નેતાના બેફામ ભ્રષ્ટાચાર સામે પણ લોકો કંઈ બોલતા નથી, અનામતના કારણે પીડિત ને કચડાયેલા વર્ગનું ભલું નથી થઈ રહ્યું ને એક ચોક્કસ વર્ગ તેનો લાભ લઈને વધારે વધારે માલદાર ને તાકાતવર બની રહ્યો છે પણ તેની સામે અવાજ ઉઠાવવાની કોઈની હિંમત નથી.

કોર્પોરેટ સેક્ટરની દાદાગીરી અને શોષણ સામે પણ લોકો સાવ ચૂપ રહે છે ને કંપનીઓની લૂંટને મૂંગા મૂંગા સહન કર્યા કરે છે. ન્યાયતંત્રમાં કેસોનો ભરાવો થઈ રહ્યો છે અને ન્યાય મળતો જ નથી છતાં લોકો સહન કર્યા કરે છે, પરીક્ષાનાં પેપરો ફૂટી જાય છે ને યુવાઓના ભાવિ સાથે ભયંકર રમત રમાય છે પણ લોકોમાં આ કોઈ પણ મુદ્દા સામે બોલવાની હિંમત જ ના હોય એવો માહોલ છે. એક રીતે આ માનસિક કાયરતા છે પણ આ માનસિક કાયરતા આપણો સ્વભાવ બની ગયો છે તેથી ભારતમાં તોઈ પણ પ્રકારના અન્યાય કે અત્યાચાર સામે નથી આંદોલન થતાં, નથી લોકો આક્રોશ ઠાલવતાં કે નથી લોકોનો જનાક્રોશ વિસ્ફોટ બનીને ફૂટી નિકળતો. .

આ માનસિક કાયરતા માટે જૂની પેઢી જવાબદાર છે. ભારતમાં સૌથી વધારે સહન મધ્યમ વર્ગ કરે છે અને મધ્યમ વર્ગે લડવાના બદલે પલાયનવાદનો સરળ રસ્તો અપનાવી લીધો છે. ભારતમાં સમસ્યાઓ સામે લડવાના બદલે પોતાનાં સંતાનોને ગમે તે રીતે ત્યાં સેટલ થઈ જવાની માનસિક તૈયારી સાથે વિદેશ મોકલી દેવાં.

સંતાનો ભારતમાં હોય તો તેમની તકલીફો દેખાય ને જીવ બળે. તેના કરતાંલે દેખવુંય નહીં ને દાઝવુંય નહીં. આ માનસિકતાના કારણે આ દેશમાં ક્રાંતિની વાત છોડો પણ દેશમાં પેઠેલા સડાને રોકવા માટે લડે એવો વર્ગ પણ રહ્યો નથી. જે લોકો લડવાનો દેખાવ કરે છે તેમના પોતાના સ્વાર્થ છે તેથી ભારતમાં પરિવર્તન કે ક્રાંતિની આશા રાખવી વ્યર્થ છે. ■

sanjogpurti@gmail.com

# નવ મહિનાનો 'દ્રિશિવ'
## તો ડાયરેક્ટ ગૂગલ ડાઉનલોડ કરીને આવ્યો છે, આપણું શું થશે?!



આજકાલના જમાનામાં 'સુપર ટેલેન્ટ' શબ્દ સાંભળીએ એટલે આપણને એમ થાય કે છોકરું પાંચ-છ વર્ષનું થઈને મોબાઈલમાં ગેમ રમતા શીખી ગયું હશે! પણ ના ભાઈ ના, ગોહિલવાડની ધરતી એટલે કે ભાવનગરમાં તો કુદરતે આખી સ્ક્રિપ્ટ જ બદલી નાખી છે. અહીં જાણીતા આયુર્વેદિક ડોક્ટર ચિરાગ વકાણી અને ફાર્માસિસ્ટ મિત્તલબેન વકાણીના ઘરે એક એવો 'દિવ્ય આત્મા' પધાર્યો છે, જેને જોઈને સારા-સારા પીએચડી થયેલા લોકો પણ પોતાના ચશ્માના કાચ સાફ કરવા મંડી પડ્યા છે. આ મહાનુભાવનું નામ છે દ્રિશિવ વકાણી, અને તેમની ઉંમર કેટલી? માત્ર નવ મહિના! હા, બરાબર વાંચ્યું, હજી તો ભાઈના મોઢામાં દૂધના દાંત પણ આખા ફૂટ્યા નથી, ત્યાં એમનું મગજ સુપર કોમ્પ્યુટરની સ્પીડે દોડી રહ્યું છે. સોશિયલ મીડિયા પર આ 'બાળ વિઝાર્ડ'ના વીડિયો જોઈને પડોશીઓ તો ઠીક, પણ ગૂગલના એન્જિનિયરો પણ ટેન્શનમાં આવી ગયા છે કે જો નવ મહિનાનો દ્રિશિવ આ બધું ઓળખી જતો હોય, તો અમારું સર્ચ એન્જિન કોણ વાપરશે?

**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

સામાન્ય રીતે નવ મહિનાનું છોકરું શું કરતું હોય? ક્યાં તો એ પલંગ પરથી નીચે પડવાની ફિરાકમાં હોય, ક્યાં તો પપ્પાનો મોંઘોદાટ આઈફોન મોઢામાં નાખીને ટેસ્ટ કરતું હોય, અથવા 'બાપ બાપ' કરીને આખા ઘરના માથા ખાતું હોય. પણ આપણા દ્રિશિવભાઈની લીલા ન્યારી છે. તેમની સામે શાકભાજીના ફ્લેશ કાર્ડ્સ મૂકો એટલે રીંગણ, ફ્લાવર કે ગાજર પર એવો ચોક્કસ હાથ મૂકે જાણે એપીએમસી માર્કેટના મોટા વેપારી ન હોય! એટલું જ નહીં, મમ્મી પૂછે કે 'બેટા, ચોખા ક્યાં છે?' એટલે ભાઈ સેકન્ડના સોમા ભાગમાં ચોખાના ચિત્ર પર આંગળી ચીંધી દે. લો બોલો, જે ઉંમરે આપણને એ ખબર નહોતી કે ચોખા રાંધ્યા પછી જ ખવાય, એ ઉંમરે આ ભાઈ અનાજનું આખું લિસ્ટ મોઢે કરીને બેઠા છે!

વાત અહીં પૂરી નથી થતી. દ્રિશિવ સામે દેશ-વિદેશના મહાનુભાવો, જાતજાતના વૃક્ષો અને રંગોના કાર્ડ્સ ધરો, એટલે ભાઈ કન્ફ્યુઝ થયા વગર સાચો ઈશારો કરી દે છે. જે દેશમાં મોટા-મોટા નેતાઓ ચૂંટણી વખતે કયો રંગ ક્યાં વાપરવો એમાં ગોથાં ખાઈ જાય છે, ત્યાં નવ મહિનાનો દ્રિશિવ લીલો, પીળો અને લાલ રંગ જોઈને મનોમન હસતો હોય છે. મમ્મી જ્યારે પૂછે કે 'બેટા, કાન ક્યાં છે?' ત્યારે દ્રિશિવ પોતાના કાન બતાવે છે, જ્યારે આપણને તો છેક બોર્ડની પરીક્ષા સુધી એ ખબર નહોતી પડતી કે આપણું મગજ ક્યાં છે! આ બાળકની વિઝ્યુઅલ મેમરી જોઈને ભાવનગરના વડીલો પણ માથે હાથ દઈને બેઠા છે કે, 'અલ્યા, આપણે આખી જિંદગી પસ્તી ફાડી, તોય જનરલ નોલેજ ન આવ્યું અને આ નવ મહિનાનો કાનુડો જ્ઞાનનો ભંડાર લઈને બેઠો છે!'

હવે આ ચમત્કાર પાછળનું સાયન્સ સમજો. દ્રિશિવના પિતા ડો. ચિરાગ આયુર્વેદના એક્સપર્ટ છે, એટલે આ કંઈ એમ ને એમ નથી થયું. વકાણી દંપતીએ ઇન્ટરનેટના વાયરલ વીડિયો જોવાને બદલે ભારતીય આયુર્વેદના 'પંચકર્મ' અને 'ગર્ભધાન સંસ્કાર' પર ભરોસો મૂક્યો. તેમણે સાબિત કરી દીધું કે ગર્ભસંસ્કાર એ કોઈ સામાન્ય વિધિ નથી, પણ મગજના ન્યુરોન્સ સક્રિય કરવાનું બ્રહ્માસ્ત્ર છે. ગર્ભાવસ્થા દરમિયાન માતા મિત્તલબેને સીરીયલો અને રીલ્સ જોવાને બદલે સાત્વિક આહાર અને ગર્ભ સંવાદ પર ધ્યાન આપ્યું. પરિણામ એ આવ્યું કે, જે ઉંમરે બાળકો ગળગળા અવાજે રડતા હોય, ત્યાં દ્રિશિવ આખી દુનિયાને પોતાના ઈશારે નચાવી રહ્યો છે. આ આખી પ્રોસેસ જોઈને આજના મોર્ડન કપલ્સ વિચારી રહ્યા છે કે, 'સાલ્લું, આપણે પીત્ઝા-બર્ગર ખાઈને નવ મહિના કાઢ્યા, એટલે જ આપણું છોકરું ગણિતના પેપરમાં મીંડું લાવે છે!'

આ લેખ એવા તમામ વાલીઓ માટે મોટો મેસેજ છે, જેઓ છોકરું પાંચ વર્ષનું થાય એટલે પીઠ પર દસ કિલોનું દફતર લાદીને 'ભણ ભણ' કરતા હોય છે. વકાણી દંપતીએ બતાવ્યું કે ભાઈ, ખરી મહેનત તો ગર્ભમાં જ કરવાની હોય છે! જો નવ મહિનામાં આટલું જ્ઞાન આવી જતું હોય, તો દ્રિશિવ જ્યારે વીસ વર્ષનો થશે ત્યારે નાસા (NASA) વાળા પણ એને પૂછીને રોકેટ લોન્ચ કરશે એ નક્કી છે. અત્યારે તો ભાવનગરમાં આ નાનકડો જીનિયસ પોતાના ક્યૂટ સ્મિતથી અને અદભુત આઈક્યુથી વકાણી પરિવારની સાથે આખા ગોહિલવાડનું નામ રોશન કરી રહ્યો છે. બસ ઈશ્વરને એટલી જ પ્રાર્થના કે આ સુપર ચાઈલ્ડને કોઈની નજર ન લાગે, અને હા, મોટો થઈને એ અમને એ ન પૂછે કે 'અંકલ, તમારો આઈક્યુ આટલો ઓછો કેમ છે!'

■ naranbaraiya277@gmail.com

# જૂન પૂરક પરીક્ષા ૨૦૨૬ માટે સેવાયજ્ઞના સારથી શ્રી રોહિતભાઇ ચૌધરી સાહેબ...




બધા જ દાનમાં વિદ્યાદાન સર્વશ્રેષ્ઠ દાન છે. વિદ્યાનું મુખ્ય કામ સમાજના બાળકોમાં નૈતિકતા, પ્રમાણિકતા, રાષ્ટ્રવાદ અને માનવતાવાદ પ્રસ્થાપિત કરવાનો છે.ડોંગરેજી મહારાજે કહ્યું છે કે "બાળકમાં ઈશ્વરનો અંશ હોય છે તેને શિક્ષણ સાથે સંસ્કાર આપવાની જવાબદારી શિક્ષકોની છે". ફેબ્રુઆરી ૨૦૨૬માં એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડ પરીક્ષા લેવાય હતી. જેમાં અમદાવાદ શહેરનું ઉત્તમ પરિણામ આવેલ છે. પરંતુ કેટલાક બાળકો એક, બે, કે ત્રણ વિષયમાં નાપાસ થયા છે. તેમના માટે બોર્ડ દ્વારા પૂરક પરીક્ષા જૂન માસમાં યોજાનાર છે.

આ બાળકોને વેકેશનના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરના ચુનંદા વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા આદરણીય જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી રોહિતભાઈ ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ તમામ બીટના શિક્ષણ નિરીક્ષકશ્રી અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી સાથે સંકલન કરી જે તે બીટના સ્કૂલના આચાર્યોને સંકલનમાં રાખી જે સ્કૂલમાં નાપાસ થયા છે એ વિદ્યાર્થીઓની યાદી એકત્ર કરી અને વિસ્તાર વાઈઝ દરરોજ ટાઈમ ટેબલ પ્રમાણે દસે દસ બીટની અંદર નિયમિત હિટવે ની પરિસ્થિતિમાં પણ અમદાવાદ શહેરના વિષય નિષ્ણાત શિક્ષકો પરીક્ષાલક્ષી, દ્રઢીકરણ અને પુનરાવર્તન બાળકોને કરાવી રહ્યા છે. કેટલાક વિષય નિષ્ણાત શિક્ષકો વેકેશનમાં દૂર હોવા છતાં બાળકોના હિતાર્થે અધ્યાપન કાર્ય કરવા માટે જે તે સ્કૂલમાં પૂરક પરીક્ષા માટે વ્યવસ્થા ગોઠવી છે ત્યાં ભણાવવા આવે છે.

**સામાજિક અને શૈક્ષણિક**
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

રોહિતભાઈ સાહેબનું એક લક્ષ્ય છે કે છેવાડાના કે ગરીબ બાળકને નિશુલ્ક શિક્ષણ મળી રહે તે માટે સેવાયજ્ઞ શરૂ કર્યો છે. સાહેબની કામ કરવાની પધ્ધતિ અને કાર્યને અમલીકરણ કરાવવાની આંતરસૂઝ અનન્ય છે. વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા અને ચિંતન કરતા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી અમદાવાદ શહેરનું ગૌરવ છે. જે કામ કરે છે તેની નોંધ ઈશ્વર સાથે સરકાર પણ લે છે. એટલે તો ભારત સરકારે શ્રેષ્ઠ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીનો એવોર્ડ પણ આપેલો છે. સારથી પ્રોજેક્ટ અને કારકિર્દી માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરની કાયાપલટ કરવા સતત કટિબધ્ધ રહે છે. બાળક જ્યારે પુરક પરીક્ષામાં પાસ થશે તેવા સમયે તેના અંતરના આશીર્વાદ શિક્ષક સાથે આયોજન કરનાર જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી અને તેમની ટીમને પણ મળવાના છે. એક વિચાર પરિસ્થિતિને પુરુષાર્થ તરફ લઈ જાય છે. મોટાભાગે ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો એક બે વિષયમાં નાપાસ થયા હોય છે તેઓ ટ્યુશન કે અન્ય કોચિંગ ક્લાસમાં જઈ શકે તેવી પરિસ્થિતિમાં હોતા નથી.તેમના માટે ગોઠવેલો આ કાર્યક્રમ ચારધામની યાત્રાથી વિશેષ છે. બીટ નંબર ૧૦ અસારવામાં વિશ્વવિદ્યાલયના આચાર્ય શ્રી મનીષભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ હું પોતે પણ સામાજિક વિજ્ઞાન બે દિવસ ભણાવવા ગયો તેનો મને નિજાનંદ છે. અમારા કન્વીનરશ્રી આશિષભાઈ સાહેબ તેમજ બીટના પ્રદીપભાઈ પટેલ સાહેબનો અનન્ય ફાળો છે.બધી જ બીટમાં આવેલા તમામ આચાર્યશ્રી અને શિક્ષકશ્રીઓના પ્રચંડ પુરુષાર્થથી શિક્ષણની નૌકા વર્ગખંડમાં વહી રહી છે.બાળકોને ભણાવવું અને સમજાવવું ખૂબ અગત્યનું છે. બાળકને આત્મીયસભર પ્રેમ દાખવીને સમજાવવામાં આવે તો કદાચ ૮૦% પણ લાવી શકે. કુદરતી આપેલી કુશાગ્ર બુધ્ધિ ક્યારેય ખીલી શકે તે માટે આ પુણ્ય કરવાનો અવસર એટલે પૂરક પરીક્ષામાં પુનરાવર્તન કરાવવુ તે છે.

શિક્ષકોને વેકેશન હોય છે તેમ છતાં સાહેબના સેવાયજ્ઞમાં જોડાયા તે બધા જ આચાર્યશ્રી અને શિક્ષક મિત્રો અભિનંદનને પાત્ર છે. કાંકરે કાકરે પાર બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય, તેમ બે પાંચ બાળકો પૂરક પરીક્ષામાં જે તે સ્કૂલના પાસ થાય અને એની કારકિર્દી ઉજવળ તે ખૂબ જ અગત્યનું છે.આદરણીય જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી રોહિતભાઈ ચૌધરી સાહેબનો સેવાયજ્ઞ ઉત્તમ રીતે ચાલે છે અને બાળકોના હિતાર્થે હિટવેમાં પણ શૈક્ષણિક કાર્ય કરી રહેલા આચાર્યશ્રી અને શિક્ષક મિત્રોને શુભેચ્છા પાઠવુ છું.

શિક્ષણનું મુખ્ય કાર્ય એકબીજાને ઉપયોગી થવાનું છે. બાળકો આપણા અન્નદાતા છે. તેમને શિક્ષણ આપીશું તો દેશનું ભવિષ્ય ઉજવળ બનશે. બાળકોના હિતાર્થે કરેલું કાર્ય દીપી ઉઠશે.બાળકો દેશનું ભવિષ્ય છે.આપણે આપણી નૈતિક ફરજ સમજીને બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવા પ્રયાસ કરીશું તો આપણા બાળકો તેજ તરાર બનશે.

અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીના તમામ અધિકારીશ્રી અને તમામ બીટના આચાર્યશ્રી તેમજ શિક્ષક મિત્રો જે સાધના કરી રહ્યા છે તે બાળકોના પરિણામમાં રૂપાંતર થશે તેવી મને ચોક્કસ ખાતરી છે. આપણા બધાના કેપ્ટન આદરણીય રોહિતભાઈ ચૌધરી સાહેબ છે ત્યારે અમદાવાદ શહેરનું પરિણામ શ્રેષ્ઠ જ આવશે તેવી ચોક્કસ અપેક્ષા છે.બાલ દેવો ભવઃ એક જ લક્ષ રાખીએ.. ■

Mo.9825702282

# અજમો એક ઉત્તમ ઔષધ



અજમાને પાચનનું એક ઉત્તમ ઔષધ માનવામાં આવે છે. અજમાને સંસ્કૃતમાં 'યવાની' હિન્દીમાં 'અજવાઈન' અંગ્રેજીમાં **'Kings Cumin'** અને લેટીન ભાષામાં **''TRAchyspermumamami''** કહેવામાં આવે છે.

અજમો ભારતમાં સર્વત્ર ખાસ કરીને પંજાબ, બંગાળ, ગુજરાત, દક્ષિણભારત વગેરે મોટાભાગના રાજ્યોમાં ઉત્પન્ન થાય છે. વિદેશોમાં જોઈએતો મીસર, ઈરાન, અફઘાનિસ્તાન અને આફ્રિકામાં પણ અજમો ઉત્પન્ન થાય છે.

અજમો પ્રાય: ધાણાની સાથે કારતક માગશરમાં વવાય છે અને ચૈત્ર માસમાં કાપી લેવાય છે. તેના છોડ એક થી દોઢ હાથ ઉંચા થાય છે. ઘરના કુંડામાં કે આંગણામાં પણતે થઈ શકે છે. પાન નાના નાના જરા જાડા લીલા રંગના તુલસીના પાન સ્વાદમાં જરા તીખા તીક્ષણ હોય છે. ડાળી પર સફેદ ફુલના છતર થાય છે. તે છતર પાકીને સુકાય ત્યારે તેને કુટીને તેમાંથી અજમાના સૂક્ષ્મ દાણા બહાર કાઢી લેવાય છે. અજમાના ફુલના સત્વને 'થાયમોલ' કહે છે. ઔષધમાં અજમાના બી વપરાય છે.

અજમાના ગુણધર્મ જોઈએતો સ્વાદે તીખો, કડવો, રૂચિકર, ગુણમાં ગરમ હળવો જઠરાગ્નિ વર્ધક, પાચક, પિતકર્તા, હદય માટે હિતકર, જાડો પેશાબ લાવનાર, વીર્ય વર્ધક, વીર્ય દોષનાશક તથા વાયુ કફના દર્દો, હરસ,શૂળ, પેટનાં દર્દો, આફરો, ઉલટી, બરોળ, કરમિયા, કોઢ, હેડકી દાંતની પીડા નો નાશ કરે છે તે શીળસ મટાડનાર તથા ધાવણ અને પરસેવો લાવે છે.


અજમાના ઔષધ પ્રયોગો વિષે જોઈએતો પેટમાં દુખાવો કે ગેસ થયો હોયતો ૩ થી ૫ ગ્રામ અજમો કે તેનું ચૂર્ણ જરા હુંફાળા પાણી સાથે પી જવું અથવા અજમો હીમેજ અને સંચળની ફાકી લેવી. શરદીમાં અજમાને મીઠું અને હળદર ચડાવી જમ્યા પછી મુખવાસ તરીકે લઈ શકાય. પેટમાં કૃમિ થયા હોયતો અજમો, વાવડીંગનું ચૂર્ણ તથા સંચળ ત્રણે મીકસ કરીને તેની ફાકી બનાવી લેવાથી કૃમિ મટે છે.

બહુમુત્રની તકલીફમાં અજમા અને ગોળની ગોળી બનાવી દર બે થી ત્રણ કલાકે લેવાથી રાહત થાય છે. સ્ત્રીઓને અલ્પપીડા સાથે માસિક આવતું હોયતો અજમાનું ચૂર્ણ ત્રણ ગ્રામ અને દિવેલમાં તળેલી હીમેજનું ચૂર્ણ ત્રણ ગ્રામ મીક્સ કરી દરરોજ સવાર સાંજ લેવાથી માસિક ની પીડા દુર થાય છે.

અજમાના બીજા પ્રકારો પણ છે. જેવાકે, ૧) અજમો (ખુરાસાની), ૨) અજમો (કિરમાણી), ૩) બોડી અજમો ખુરાસાની અજમાનું ઉત્પતિ સ્થાન ખુરાસન બલુચિસ્તાન, ઈરાન, મિસર, સાઈબેરીયા તથા ઉતર પશ્ચિમિ પ્રદેશો, પોર્ટુગલ , યુનાન, નોર્વે, ફિનલેન્ડ, બ્રાઝિલ, ઉતર અમેરિકામાં ખૂબ થાય છે. ભારતમાં કાંગડા કુલ્લુ, ગઢવાલ, સિમલા, કાશ્મીર થી કુમારની પહાડીઓ સરહાનપુર, કલકતા, આગ્રા, અજમેર , પુના વગેરેના સરકારી વનસ્પતિ ઉદ્યાનોમાં તથા ખેતરોમાં વવાય છે. ખુરાસાની અજમો સ્વાદે કડવો- તીખો, ગુણમાં ગરમ, તીક્ષણ, લુખો, પાચક, રૂચિકારક, ઝાડો રોકનાર, માદક, ભારે, જઠરાગ્નિ વર્ધક, વીર્ય વર્ધક, વાતકર્તા અને આંત્ર સંકોચક છે. ખુરાસાની અજમો ત્રિદોષ (સન્નિયાત), અજીર્ણ, પેટના કૃમિ, આમશૂળ (મરડો), કાનની જડતા, કંઠ જંકડાટ, ચિતની ચંચળતા, રક્તસ્ત્રાવ અને સર્વ પીડાશામક છે. હિસ્ટીરીયા અને માનસિક રોગમાં ખાસ લાભપ્રદ છે. ટીબીની ખાંસી સાથે શ્વાસનો અવરોધ હોયતો આ ખુરાસાની અજમાની ધુમાડી રોજ લેવાથી ખાંસી અને શ્વાસના અવરોધમાં રાહત થાય છે.

અજમો કીરમાણી આ અજમો ઈરાન, અરબસ્તાન, અફઘાનિસ્તાનમાંથી ભારતમાં આયાત થાય છે. ભારતમાં કાશ્મીરથી લઈને કુમાઉના જંગલોમાં તે વધુ જોવા મળે છે. જેના મોટા ભાગના ગુણધર્મો ખુરાસાની અજમા જેવાજ હોય છે.

અજમો (બોડી અજમો) આ ખાસ કરીને હિમાલયની તળેટી પંજાબની ટેકરીઓ તથા બંગાળમાં થાય છે. બોડી અજમોના મુખ્ય ઔષધ પ્રયોગ જોઈએતો ટાઈફોઈડમાં બોડી અજમાનું ચૂર્ણ ૧ ગ્રામ જેટલું લઈ તેને મધ સાથે સવાર સાંજ ચાટવાથી ટાઈફોઈડમાં રાહત થાય છે. આમ, અજમોએ કુદરત દ્વારા આપેલ માનવજાતિ માટે શ્રેષ્ઠ વરદાન છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર
ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ગાંધીનગર
hemangidmehta@gmail.com

# અભણ અમથાલાલ વન નેશન વન ઈલેક્શનના ફાયદા સમજાવી રહ્યા હતાં



અભણ અમથાલાલ વન નેશન વન ઈલેકશનના ફાયદા સમજાવી રહ્યા હતાં.

''વિપક્ષ ભલે વિરોધ કરે. એમનો જન્મસિધ્ધ અધિકાર છે, કે એમણે વિરોધ જ કરવો. હાચી વાત હોય તો પણ વિરોધ જ કરવો. કોઈપણ વાતમાં હા પાડવાની જ નહીં. એકસાથે ચૂંટણી થવાથી હજારો કરોડ એટલે કે રૂપિયા સાત લાખ કરોડ બચી જશે. અને આ સિવાય પણ ઘણાં બધાં ફાયદાઓ છે.જેમકે દેશનાં જીડીપીમા ૧.૬ ટકાનો વધારો થઈ શકે છે.આવુ સંસદીય સમિતિનાં અધ્યક્ષ પી પી ચૌધરીએ કહ્યું છે.''

બેરાલાલને શંકા થઈ. ''ઈ વાત કદાચ હાચી માની લેઈએ પણ, આપણે ત્યાં હાલતાંને ચાલતાં સરકારો તૂટે છે. એમનું હવે શું થશે? હપ્તો ઓછો પડે કે ભાગમાં વધઘટ આવે તોય ટેકો પાછો ખેંચવાની આપણે ત્યાં ફેશન છે. આનું હવે શું થશે?''

બનેવીલાલે સમજાવ્યું. ''જૂઓ બેરાલાલ ! જનતા હવે જાગૃત થઈ ગઈ છે. એ આવી ટેકણ લાકડી જેવી સરકાર ચૂંટતી જ નથી. (અપવાદ સિવાય) એટલે લાકડીનો ટેકો પાછો ખેંચવાનો સમય નહીં આવે.

અને કાનનું મશીન બરોબર ચાલું રાખજો. આ વન નેશન વન ઈલેક્શનમાં આનો પણ ઉપાય છે જ.'' અમથાલાલને વચ્ચે બોલવું પડ્યું.

''ઊભાં રહો, ઊભાં રહો. એમાં હંધાય નિયમો તો છે જ . પણ, એક સીધો નિયમ હમજો. હવે ખજુરાહો થવાની સંભાવના જ નહીં રહે.''

''કેમ? ધારાસભ્યો ધરાઈ ગયાં છે?''

''ના..આ..! એવું નથી. એમનુ પેટ ક્યારેય ભરાવાનું નથી. પણ , ધારાસભ્યો જ બદલાઈ જવાનાં છે. જો તેત્રીસ ટકા કે પચાસ ટકા મહિલા અનામત થઈ ગઈ તો સરકારો તૂટશે જ નહીં.''

બેરાલાલે હાંભળયુ ખરું પણ હમજાયું નહીં.

''કેમ? કેમ ? મહિલાઓ કાંઈ બીજાં ગ્રહમાથી આવી છે? ''

''ના, એ બીજાં ગ્રહમાથી નથી આવી. પણ, એનાં ગ્રહ જરૂર બદલાયાં છે. ચૂલો ફુંકવાવાળી સ્ત્રીઓ હવે સરકાર ચલાવવાની છે.''

''હા પણ, સરપંચ પતિ કે ધારાસભ્ય પતિ વાંહે રહીને આ કામ નહીં કરાવે એની શું ગેરંટી?''

''ગેરંટી એનો સ્વભાવ છે.

બેરાલાલની જેમ તમને'ય સમજણ નો પડીને!??

સ્વભાવ જન્મ જાત હોય છે. અને સ્ત્રીઓનો સ્વભાવ છે, સાથે રહેવાનો. હળી મળીને રહેવાનો. એ બસ કે છકડો રિક્ષામાં'ય ત્રણ ત્રણ પેઢીની ઓળખાણ કાઢી લેશે. જ્યાંરે પુરુષો ૧૦૦ કિલોમીટર સુધી બોલશે'ય નહીં.''

''તંઈ એમ વાત કરોને કે , કીડી મંકોડા જેમ.''

''કીડી મંકોડાની જેમ એટલે?''

''કીડીઓ ભેગી મળીને ખાય. અને મંકોડા એકલાં એકલાં. અને હવે જીવ જંતુનો જ જમાનો આવવાનો છે. જોયું નહીં? હમણાં ''કોંકરચ જનતા પાર્ટી ''નામનો નવો પક્ષ બન્યો. અને જોત જોતામાં મિડિયામાં એમનાં લાખો ફોલોઅર્સ નોંધાય ગયાં.''

''તો તો મારે કીડીઓ ભેગી કરવી છે.''

''અમથાલાલ! લોકોને એક કીડી મતલબ એક સ્ત્રી મળતી નથી. અને તમે કીડીઓની વાતો કરો છો? ''

''બેરાલાલ? તમે મશીન બદલો કાં હમજણ વધારો. કીડીઓ એટલે કીડીઓ જ. સ્ત્રીઓ નહીં.''

''મને એમ કે, જાજા ધારાસભ્ય પતિ બનવું હશે. પણ, તમારે કીડીઓ શા માટે ભેગી કરવી છે? આવાં ઉનાળામાં તો ઠેક ઠકાણે કીડીઓના ઢગલાંને ઢગલાં મળી જાહે.''

''બેરાલાલ તમને ન હીં હમજાય!! હું એવી ચીલાચાલુ કીડીની વાત નથી કરતો. કિંમતી કીડીની વાત કરું છું.''

''કિંમતી ? અને એ પણ કીડી ? કાંઈક હમજણ પડે એવું બોલો. હાવ રાજકારણી ભાષામાં વાત નો કરો.

કીડી એટલે કીડી હોય. એમાં કિંમતી કીડી અલગ હોય??''

''બેરાલાલ! આ તમારો વિષય નથી. હું દાણચોરી થાય એવી કીડીની વાત કરું છું.''



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

''દાણચોરી તો સોનાની થાય. કીડીની દાણચોરી થાય!?? સોનું મોંઘુ છે એટલે લોકો ખરીદી કરે. કીડીને કોણ ખરીદે??''

''બેરાલાલ મારું નામ અમથાલાલ છે. પણ હું ક્યારેય સરકારની જેમ અમથી અમથી વાત કરતો નથી. કલ્પસર યોજનાની વાતો વરસોથી હાલે છે. કરોડો રૂપિયાના બીલ પણ ઉધારાય છે. પણ કલ્પસર યોજના બની? મારી વાતો આવી નો હોય ! નક્કર સાબિતી વાળી હોય.''

''તો..ઓ..! આપો સાબિતી.''

''કેન્યામાં એક વિશિષ્ટ પ્રકારની બગીચાની કીડી કહેવામાં આવે છે. એને આંતરરાષ્ટ્રીય ધારાધોરણો પ્રમાણે સ્થળ ફેરવી શકાતું નથી. પણ ચીન તો ચીન છે. એ એનાં સગા બાપનું'ય નો માને. ચીનનો એક માથાં ફરેલો માનવી. 'ઝાંગ કેકુન' લગભગ બે થી ત્રણ હજાર કીડીની તસ્કરી ( દાણચોરી) કરતાં પકડાઈ ગયો. એને જલ્દી પૈસાવાળું થવું હતું. કેન્યાની કોર્ટે એમને ૫૭૧૩ પાઉંડનો દંડ કર્યો અને એક વર્ષની જેલ કરી. હવે તમે જ કહો આવી કીડીઓ આપણી પાસે હોય તો આપણે'ય પૈસાવાળા થઈ જઈએ કે નહીં!??''

''અમથાલાલ ! ચીનાને ખબર નો પડી. કોઈ રાજકીય માથાંને ભાગીદાર બનાવી દેવાય. કોઈ તમારો વાળે'ય વાંકો નો કરે..!!''

kalubhaibhad123@gmail.com

# ધો.૧૨ પાસ પછી બનો શિક્ષક



- **PTC સારું કે B.Ed સારું?**

ઘણા વિદ્યાર્થીના મનમાં પ્રશ્ન હોય છે કે **PTC** કરવું કે **B.Ed** કરવું? જો તમે ધો. ૧૨ પછી તરત શિક્ષક બનવા માગતા હો અને નાના બાળકો (ધો ૧થી ૫)માં ભણાવવા માગતા હોવ, તો **PTC (D.El.Ed)** શ્રેષ્ઠ છે.

પરંતુ જો તમે ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી મોટાં બાળકો (ધો ૬થી ૧૨)માં ભણાવવા માગતા હોવ, તો તમારે **B.Ed** કરવું જોઈએ. આ ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે માસ્ટર્સ **(M.A.in Education)** કે અન્ય ડિપ્લોમા કોર્સ પણ કરી શકો છો. સતત અભ્યાસ ચાલુ રાખવાથી તમારા પગાર અને હોદ્દામાં વધારો થવાની શક્યતા વધી જાય છે.

- પ્રવેશ માટેની આ સંભવિત તારીખો છે. ફાઈનલ તારીખો માટે અખબાર જોતાં રહેવું :

ઓનલાઈન રજીસ્ટ્રેશન: મે-જૂન ૨૦૨૬ (અંદાજિત)
ડોક્યુમેન્ટ વેરિફિકેશન: જૂન-જુલાઈ ૨૦૨૬
પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ: જુલાઈ ૨૦૨૬
કોલેજ ચોઈસ ફિલિંગ: જુલાઈના અંતમાં
શૈક્ષણિક સત્રનો પ્રારંભ: ઓગસ્ટ ૨૦૨૬

- એક્સપર્ટ સલાહ : ''શિક્ષણ એ માત્ર નોકરી નથી, પણ એક જવાબદારી છે. જો તમારી પાસે ધૈર્ય છે અને તમને નાના બાળકો સાથે કામ કરવું ગમે છે, તો જ આ ક્ષેત્ર પસંદ કરો. માત્ર સરકારી નોકરીના લોભમાં નહીં, પણ શિક્ષણ પ્રત્યેના લગાવ સાથે આ કોર્સ કરશો તો પ્રાઈવેટ સેક્ટરમાં પણ તમારો પગાર અને માન-સન્માન ખૂબ સારું રહેશે. ૬+ વર્ષના અનુભવના આધારે હું કહી શકું કે એક કુશળ શિક્ષકની માંગ હંમેશા રહેવાની છે.''

- **PTC** અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો :

(૧) **PTC** કોર્સનું પૂરું નામ શું છે?

જવાબ: **PTC**નું આખું નામ પ્રાયમરી ટ્રેનિંગ સર્ટિફિકેટ(પ્રાથમિક શિક્ષણ તાલીમ પ્રમાણપત્ર)છે, જે હવે રાષ્ટ્રીય સ્તરે **D.El.Ed** તરીકે ઓળખાય છે.

(૨) **PTC**નો કોર્સ કરવા માટે લઘુત્તમ લાયકાત શું હોવી જોઈએ?

જવાબ: આ કોર્સ કરવા માટે કોઈપણ પ્રવાહ (આર્ટસ, કોમર્સ કે સાયન્સ)માં ધોરણ ૧૨ પાસ કરેલું હોવું જોઈએ.

(૩) **PTC** કોર્સનો સમયગાળો કેટલો હોય છે?

જવાબ: **PTC (D.El.Ed)** કોર્સનો સમયગાળો ૨ વર્ષનો હોય છે, જેમાં થિયરી અને પ્રેક્ટિકલ તાલીમનો સમાવેશ થાય છે.

(૪) શું ધો. ૧૨માં ઓછા ટકા આવ્યા હોય તો **PTC** કોર્સમાં એડમિશન મળી શકે ?

જવાબ: સામાન્ય રીતે જનરલ કેટેગરી માટે ૫૦% અને અનામત કેટેગરી માટે ૪૫% ગુણ જરૂરી છે, જોકે પ્રાઈવેટ કોલેજોમાં નિયમાનુસાર એડમિશન મળી શકે છે.

(૫) **PTC**નો કોર્સ કર્યા પછી સરકારી શિક્ષક બનવા માટે કઈ પરીક્ષા આપવી પડે ?

જવાબ: **PTC**નો કોર્સ પૂરો કર્યા પછી સરકારી પ્રાથમિક શાળામાં (ધો. ૧થી ૫)માં શિક્ષક બનવા માટે **TET-1 (Teacher Eligibility Test)** પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે.

(૬) **PTC** અને **B.Ed** વચ્ચે મુખ્ય તફાવત શું છે?

જવાબ: **PTC** ધો. ૧૨ પછી કરી શકાય અને ધો. ૧થી ૫ના શિક્ષક બની શકાય છે, જ્યારે **B.Ed** ગ્રેજ્યુએશન પછી કરી શકાય અને ધો. ૬ થી ૧૨ના શિક્ષક બની શકાય છે.

(૭) **PTC**નો કોર્સ કર્યા પછી આગળ વધુ અભ્યાસ કરી શકાય ?

જવાબ: હા, **PTC**નો કોર્સ કર્યા પછી ગ્રેજ્યુએશન **(BA/B.Com/B.Sc)** કરી શકાય. ત્યારબાદ **B.Ed** કે અન્ય ઉચ્ચ શિક્ષણના વિકલ્પ પણ પસંદ કરી શકાય.

(૧) માર્કશીટ: ધો. ૧૦ અને ધો. ૧૨ની ઓરિજિનલ માર્કશીટ.
(૨) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર **(LC)**: સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ.
(૩) જાતિનો દાખલો: **SC, ST, SEBC (OBC)** કેટેગરીના વિદ્યાર્થી માટે.
(૪) નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ: માત્ર **OBC** ઉમેદવાર માટે (ચાલુ વર્ષનું).
(૫) આધાર કાર્ડ: ઓળખનો પુરાવો
(૬) ફોટોગ્રાફ: તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો
(૭) **EWS** સર્ટિફિકેટ: જો આર્થિક નબળા વર્ગમાં આવતા હોવ તો.
(૮) **PTC** કોર્સની ફી : **PTC** કોર્સની ફી કેવી કોલેજમાં એડમિશન લો છો તેના પર આધારિત છે.જો તમે સરકારી **PTC** કોલેજમાં એડમિશન લો છો, તો ફી ઓછી હોય છે.પરંતુ ખાનગી કોલેજની ફી વધુ હોય છે.

આ કોર્સમાં ખાસ કરીને એવા વિષય હોય છે, જે પ્રાથમિક શાળામાં ભણાવાતા હોય. જેમાં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, હિન્દી, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 'બાળ મનોવિજ્ઞાન' એક મુખ્ય વિષય છે, જે શિક્ષકને બાળકની માનસિકતા સમજવામાં મદદ કરે છે. શારીરિક શિક્ષણ, ચિત્રકામ અને કોમ્પ્યુટર જેવા વિષય પણ શીખવાય છે, જેથી બાળકોનો સર્વાંગી વિકાસ સારી રીતે થઈ શકે.

- કેરિયર : જો તમે પોતાનું કામ કરવા માગતા હો, તો પ્લે-ગ્રુપ કે ટ્યુશન ક્લાસ શરૂ કરી શકાય. એજ્યુકેશનલ કન્સલ્ટન્ટ તરીકે કે નાનાં બાળકો માટે કન્ટેન્ટ બનાવતી કંપનીમાં પણ જોડાઈ શકો છો.


- **PTC** પછી પગાર ધોરણ:જો તમે સરકારી શાળામાં વિદ્યાસહાયક તરીકે જોડાવ,તો શરૂના ૫ વર્ષ માટે સરકારે નક્કી કરેલો ફિક્સ પગાર મળે છે. ૫ વર્ષ પૂરા થયા પછી તમે ફૂલ પગારમાં આવો, ત્યારે પગાર વધે છે.

- **PTC** કોર્સના ફાયદા : **PTC** કોર્સના અનેક ફાયદા છે.સૌથી મોટો ફાયદો એ કે તમે માત્ર ધો. ૧૨ પાસ કરી માત્ર ૨ વર્ષમાં એક વ્યવસાયિક ડિગ્રી મેળવી શકો છો અને નોકરી માટે તૈયાર થાવ છો. આ કોર્સમાં તમને બાળકો સાથે કેવી રીતે વર્તવું તે શીખવા મળે છે, જે તમારા વ્યક્તિગત જીવનમાં પણ ઉપયોગી થાય છે. સરકારી નોકરી મેળવવાની તક આ ક્ષેત્રમાં અન્ય ક્ષેત્ર કરતાં વધુ હોય છે, કારણ કે દર વર્ષે નવી-નવી શાળાઓ ખુલતી રહે છે. તેમાં શિક્ષકોની જરૂર પડતી જ હોય છે.



કેરિયર
તૃપ્તિ જી. દવે
sanjogpurti@gmail.com

# ધડામપ ફટાકપ!




એક હતો તોફાની વાંદરો. એનું નામ ચીકુ! ચીકુ આખો દિવસ 'હૂપાહૂપ... હૂપાહૂપ...' કરતો જાય ને આ ઝાડ પરથી પેલા ઝાડ પર કૂદતો જાય!

એક દિવસ ચીકુને એક લાલચોળ ફુગ્ગો મળ્યો. ફુગ્ગો જોઈને ચીકુ ખુશ-ખુશ થઈ ગયો! એ નાચવા લાગ્યો, 'તા થઈ થઈ, તા થઈ થઈ!' પણ ફુગ્ગો તો સાવ ચીમળાયેલો હતો.

ચીકુએ વિચાર્યું, 'અરે, આ ફુગ્ગો મોટો કેમ થતો નથી? લાય, એને ખેંચી જોઉં.' ચીકુએ ફુગ્ગાને આમ ખેંચ્યો, તેમ ખેંચ્યો, પણ ફુગ્ગો મોટો થાય જ નહીં.

ત્યાં જ ઝાડનાં પાંદડાં હલ્યાં અને અવાજ આવ્યો. ચીકુને મસ્ત ઠંડક લાગી.

ચીકુએ પૂછ્યું, ''કોણ છે ત્યાં?''

સામેથી પણ અવાજ આવ્યો, ''ચીકુડા! એ તો હું હવાબેન છું. હું તારી આજુબાજુ, ઉપર-નીચે, બધે જ રહું છું!'' ચીકુએ આંખો ગોળ-ગોળ ફેરવીને ચારેય બાજુ જોયું. પણ એને તો કાંઈ જ દેખાયું નહીં. ચીકુ ખડખડાટ હસવા લાગ્યો, ''હાહાહા! હવાબેન, તમે તો સાવ ખોટું બોલો છો. જો તમે અહીં બધે જ હોવ, તો તમે દેખાતાં કેમ નથી?''

હવાબેન હસ્યાં અને બોલ્યાં, ''અરે ચીકુડા! હું ભલે ન દેખાઉં, પણ જ્યારે હું દોડું છું ને, ત્યારે બધાં મને 'પવન' કહે છે! જો, અત્યારે હું દોડી એટલે પવન આવ્યો. તારા ગાલ પર ગલીપચી થઈ ને?''

ચીકુને બહુ મજા પડી ગઈ! એ બોલ્યો, ''વાહ હવાબેન! જ્યારે તમે શાંત બેઠાં હો ત્યારે 'હવા' અને જ્યારે દોડવા લાગો ત્યારે 'પવન'! તમે તો ભારે જાદુગર હોં! પણ તમે મારો આ ફુગ્ગો મોટો કરી આપોને!''

હવાબેન કહે, ''અરે! તું જરાય ચિંતા ન કરીશ. હું જરૂર તારી મદદ કરીશ. લાવ, તું ફૂંક માર એટલે તારી આસપાસ રહેલી હું (હવા) ફુગ્ગાની અંદર ભરાઈ જાઈશ!''

ચીકુએ ફુગ્ગાનું મોં ખોલ્યું અને પોતાના મોં પાસે રાખ્યો. ચીકુએ લાંબો શ્વાસ લઈ ફુગ્ગામાં ફૂંક મારી - 'સૂઉઉઉ... સૂઉઉઉ...!'

અરે વાહ! ફુગ્ગો તો થોડો મોટો થયો. ચીકુએ બીજી ફૂંક મારી - 'સૂઉઉઉ... સૂઉઉઉ...!' ફુગ્ગો વધુ મોટો થયો. ચીકુએ ત્રીજી ફૂંક મારી - 'સૂઉઉઉ... સૂઉઉઉ...!' ધીમેધીમે લાલ ફુગ્ગો મોટો મોટો થઈને એકદમ ગોળમટોળ થઈ ગયો! ચીકુ અચરજ પામી ગયો. એણે ફુગ્ગાને દબાવી જોયો - 'પોચો-પોચો'

ચીકુએ પૂછ્યું, ''અરે હવાબેન! આ ફુગ્ગાની અંદર કોણ ગયું? આટલો મોટો કોણે કર્યો?''

ફુગ્ગાની અંદરથી ધીમો અવાજ આવ્યો, ''ચીકુડા, આ અંદર હું જ છું! તે ફૂંક મારીને બહારની હવાને ફુગ્ગાની અંદર પૂરી દીધી. હું અંદર ગઈ એટલે મેં અંદર રહેવા માટે જગ્યા રોકી, એટલે ફુગ્ગો મોટો થઈ ગયો!''

ચીકુ કહે, ''અચ્છા! એનો અર્થ એ કે તમારે પણ રહેવા માટે જગ્યા જોઈએ એમ ને? આ તમે ફુગ્ગાની અંદર ભરાઈ ગયાં એટલે ફુગ્ગો જાડો પાડો થઈ ગયો?''

હવાબેન કહે, ×હા, બિલકુલ સાચું!×

ચીકુ રાજીના રેડ થઈ ગયો. એ ફુગ્ગાને હવામાં ઉછાળવા લાગ્યો, ×ટપ્પ... ટપ્પ... ટપ્પ!×

પણ ચીકુથી તોફાન વગર કેમ રહેવાય? એણે વિચાર્યું, ''લાવ, હજુ વધારે હવા ભરી દઉં અને ફુગ્ગાને હજુય વધારે મોટો બનાવું!''

ચીકુએ એના નાના પેટમાંથી બધી તાકાત ભેગી કરીને મોટી ફૂંક મારી - 'સૂઉઉઉઉપ!'

ફુગ્ગો તો મોટો... બહુ જ મોટોપ બહુ જ મોટો થઈ ગયો!

અંદરથી હવાબેન બૂમો પાડવા લાગ્યાં, ''અરે ઓ ચીકુ, હવે બસ કર! હવે અંદર જરાય જગ્યા નથી. મને બહુ ભીંસ થાય છે!''

પણ ચીકુ તો મસ્તીમાં હતો. એણે સાંભળ્યું જ નહીં. એણે હજુ એક નાની ફૂંક મારી...

અને ત્યાં જ... 'ધડામ... પટાક...!!'

ફુગ્ગો તો ફૂટી ગયો! ફુગ્ગાના ચીંથરે-ચીંથરાં ઊડી ગયાં અને અંદર કેદ થયેલી હવા એકદમ જોરથી બહાર નીકળી ગઈ. હવા એટલી જોરથી બહાર નીકળી કે ચીકુભાઈ ગોથું ખાઈને પડ્યા - 'ધબ્બ!'

ચીકુએ આજુબાજુ જોયું. પણ હવાબેન ક્યાંય દેખાયાં નહિ! Mo ૯૦૯૯૧૭૨૧૭૭




રે વાર્તા!
મનીષ સુથાર

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# જવાનોએ સરહદથી ૫૦ કિલોમીટરની અંદરની દરેક પ્રવૃતિ અને ગેરકાયદેસર બાંધકામ પર નજર રાખવી : અમિત શાહ

બીકાનેર,તા.૨૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારત-પાકિસ્તાન સરહદે આવેલી ઐતિહાસિક બીએસએફ સાંચુ પોસ્ટની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે જવાનોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે, બીએસએફની જવાબદારી માત્ર સરહદ પૂરતી મર્યાદિત નથી, પરંતુ જવાનોએ સરહદથી ૫૦ કિલોમીટરની



અંદરની દરેક અસામાન્ય પ્રવૃત્તિ અને ગેરકાયદેસર બાંધકામ પર કડક નજર રાખવી જોઈએ. તેમણે સરહદ સુરક્ષા વધારવા માટે આધુનિક ડ્રોન ટેકનોલોજી અને હાઈ-ટેક સર્વેલન્સ સાથે 'મજબૂત ચતુર્ભુજ સુરક્ષા ગ્રીડ' બનાવવા પર ભાર મૂક્યો હતો. ઉપરાંત, શાહે ૧૪ નવી મહિલા બેરેકનું ઈ-ઉદઘાટન કર્યું અને સરહદી રસ્તાઓના નિર્માણની માહિતી આપી હતી.અહેવાલના બીજા ભાગમાં, અમિત શાહે દેશમાં ઘૂસણખોરીના કારણે થઈ રહેલા અકુદરતી વસ્તી વિષયક પરિવર્તનને રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર પડકાર ગણાવ્યો. આ સમસ્યાના વ્યાપક અભ્યાસ અને આયોજિત ઉકેલો માટે નિવૃત્ત ન્યાયાધીશ પ્રકાશ પ્રભાકર નાઓલેકરના અધ્યક્ષપદે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, જે ધાર્મિક અને સામાજિક સ્તરે થતા ફેરફારોનું વિશ્લેષણ કરશે.

# અમરેલી, બોટાદ, ભાવનગરની ૧૫૦ જેટલી સહકારી મંડળીઓને આવકવેરા વિભાગની નોટિસ

ભાવનગર,તા.૨૬

ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાની આશરે ૧૫૦ સહકારી મંડળીઓને આવકવેરા વિભાગ દ્વારા કરોડો રૂપિયાની નોટિસો ફટકારવામાં આવતા ખેડૂતો અને સહકારી ક્ષેત્રમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. આ નોટિસો મંડળીઓના વાસ્તવિક નફા-નુકસાનના બદલે માત્ર બેંકના ટર્નઓવર (વેચાણ)ના આંકડા પર આધારિત હોવાનો આક્ષેપ થયો છે. ખાતર સબસિડીની



તપાસના ભાગરૂપે સીદસર, સોડવદરા, દિહોર અને જનડા જેવી જુથ મંડળીઓને ૫૦ લાખથી લઈને ૩૫ કરોડ રૂપિયા સુધીની મોટી રકમની નોટિસો મળી છે. આ અન્યાય સામે ભાવનગર માર્કેટ યાર્ડમાં ભીખાભાઈ જાજડીયાની આગેવાની હેઠળ મંડળીઓની બેઠક યોજાઈ હતી. જેમાં સંયુક્ત રીતે આવેદનપત્ર આપવાનું નક્કી કરાયું હતું. મંડળીઓની માંગ છે કે ગ્રામીણ વિસ્તારોમાં ટેક્નોલોજીના અભાવે ઈમેઈલના બદલે ફિઝિકલ પોસ્ટથી નોટિસ મોકલવી જોઈએ. ખેડૂતોની આ મંડળીઓમાં ટર્નઓવર વધુ હોવા છતાં નફો ઘણો ઓછો હોય છે, તેથી વકીલાતનો મોંઘો ખર્ચ નાની મંડળીઓને પોસાય તેમ નથી. પરિણામે, ટર્નઓવર આધારિત નોટિસો રદ કરી નફા-નુકસાન મુજબ નવી પ્રક્રિયા હાથ ધરવા માંગ કરાઈ છે.

# કોંગ્રેસમાંથી ભાજપમાં આવી ચૂંટણી લડવા બે કરોડ રૂપિયા મળ્યા : સી.જે. ચાવડાની ક્લીપ વાયરલ

મહેસાણા,તા.૨૬

વિજાપુરના ભાજપના ધારાસભ્ય સી.જે. ચાવડાની એક કથિત ઓડિયો ક્લિપ વાયરલ થતાં મહેસાણાથી ગાંધીનગર સુધી રાજકીય ખળભળાટ મચી ગયો છે. આ ક્લિપમાં ચૂંટણી રણનીતિ અને નાણાકીય લેવડદેવડની ચોંકાવનારી વાતો છે. ક્લિપમાં તેઓ કથિત રીતે સ્વીકારે છે કે કોંગ્રેસમાંથી ભાજપમાં આવી ચૂંટણી લડવા માટે તેમને ૨ કરોડ રૂપિયા



મળ્યા હતા, જ્યારે અન્યને ૫૦ લાખથી વધુ નથી મળતા. આ ઉપરાંત મતદારોને રીઝવવા રૂપિયા વહેંચવાની વાત પણ છે, જે સ્થાનિક ચૂંટણી સમયની હોવાનું મનાય છે.

# જાફરાબાદના વારાહસ્વરૂપ નજીક અર્ધ ખાધેલો મૃતદેહ મળી આવતા ચકચાર

જાફબાબાદ,તા.૨૬

જાફરાબાદના વારાહસ્વરૂપ અને ભાકોદર ગામની સીમમાંથી એક યુવકનો અધ ખાધેલો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક વિગતો મુજબ, ભરત મધુભાઈ બારૈયા નામનો યુવક છેલ્લા બે દિવસથી પોતાના ઘરેથી ગુમ હતો. સીમ વિસ્તારમાંથી તેના અર્ધ માનવ અવશેષો મળી આવતા સ્થાનિકોએ વનવિભાગ અને પોલીસને જાણ કરી હતી. મૃતકની હાલત જોતા કોઈ હિંસક વન્યપ્રાણીએ તેને ફાડી ખાધો હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનાની ગંભીરતાને



તસવીર : બાબુભાઈ વાટેળ

ધ્યાને લઈને વનવિભાગ અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ આકસ્મિક ઘટના પાછળ વન્યપ્રાણીનો હુમલો જવાબદાર છે કે પછી મોતનું અન્ય કોઈ કારણ છે, તે દિશામાં વનવિભાગ અને પોલીસે સંયુક્ત તપાસ શરૂ કરી છે. હાલમાં યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જાફરાબાદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

# જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી નેટવર્ક સક્રિય થતા ગુપ્તચર એજન્સીઓ એલર્ટ પર

જમ્મુ,તા.૨૬

ભારતીય ગુપ્તચર એજન્સીઓએ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓ અંગે મોટી ચેતવણી જારી કરી છે. અહેવાલ મુજબ, લાંબા સમયથી નબળું પડી ગયેલું 'અલ-બદ્ર' સંગઠન હવે 'હિઝબુલ મુજાહિદ્દીન' સાથે મળીને ખીણમાં પોતાનું નેટવર્ક ફરીથી સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તાજેતરમાં પાકિસ્તાનમાં અલ-બદ્રના કમાન્ડર હમઝા બુરહાનના મૃત્યુ બાદ બંને સંગઠનો નજીક આવ્યા છે. પાકિસ્તાનની આઈએસઆઈ આ બંનેને સ્થાનિક સંગઠનો તરીકે દર્શાવી આતંકવાદને પુનર્જીવિત કરવા માંગે છે. આ સંગઠનો જૈશ અને લશ્કરના અસંતુષ્ટ આતંકવાદીઓની ભરતી કરી રહ્યા છે. કલમ ૩૭૦ નાબૂદ કરવા જેવા મુદ્દાઓ પર યુવાનોને ગેરમાર્ગે દોરવાના આ પ્રયાસોને પગલે સુરક્ષા એજન્સીઓ અત્યંત સતર્ક બની ગઈ છે.

# બાબરા પોલીસે ૯૪૨ વિદેશી દારૂની બોટલ સાથે એકને ઝડપ્યો

બાબરા,તા.૨૬

બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. પરમારની ટીમે હાઈવે પર સફળ ઓપરેશન પાર પાડ્યું છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ચાવંડ તરફથી બાબરા આવી રહેલી એક સફેદ રંગની બલેનો કારને ખોડલ જીનીંગ સામે વોચ ગોઠવીને રોકવામાં આવી હતી. આ શંકાસ્પદ કારની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૦ મી.લી.ની કુલ ૯૪૨ પ્લાસ્ટિકની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૧.૬૦ લાખની કિંમતનો દારૂ અને રૂ.૫ લાખની કાર મળી કુલ



તસવીર : દિપક કનૈયા

રૂ.૬,૬૦,૧૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં બોટાદના કાર ચાલક જયદીપભાઈ દિલીપભાઈ ગોહીલની ધરપકડ કરી ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે, જ્યારે અન્ય એક આરોપી જયદીપભાઈ ડાયાભાઈ ચૌહાણને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરાઈ છે.

# સુરતમાંથી નકલી નોટોનું કૌભાંડ ઝડપાયું, ચાર આરોપીઓની ધરપકડ

સુરત,તા.૨૬

સુરતના સચીન વિસ્તારમાં વેપારીઓને છેતરીને નકલી ચલણી નોટો વટાવવાનું મોટું કૌભાંડ બહાર આવ્યું છે. રાજસ્થાનના એક પશુ વેપારી પાસેથી ૫૦ હજારમાં બે બકરા ખરીદીને ચાર શખ્સોએ ૫૦૦ના દરની ૧૦૦ નોટો આપી હતી, જેમાંથી ૯૭ નોટો નકલી નીકળી હતી. વેપારીની ફરિયાદના આધારે સચીન પોલીસે ગણતરીના કલાકોમાં ઝારખંડ અને ઉત્તર પ્રદેશના ચાર આરોપીઓ-મોહમ્મદ ઉલ્ફત, નાઝીર અંસારી, મો. રઈસ અને મોહમ્મદ જમાલની ધરપકડ કરી છે.



પોલીસે મુખ્ય આરોપીના ઘર અને ગોડાઉન પર દરોડા પાડીને ૫૦૦ના દરની કુલ ૩૨૨ નકલી નોટો જપ્ત કરી છે, જેની કિંમત રૂ.૧,૬૧,૦૦૦ થાય છે. આરોપીઓએ પકડાઈ જવાના ડરે નોટો પાણીમાં પલાળીને તથા સળગાવીને પુરાવાનો નાશ કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. પોલીસે બળેલી નોટોના ટુકડા જપ્ત કરી ફોરેન્સિક તપાસ માટે મોકલ્યા છે અને દેશના અર્થતંત્રને નુકસાન પહોંચાડતા આ નેટવર્કની ઊંડી તપાસ શરૂ કરી છે.

# ઉનામાં ભાગવત સપ્તાહનો મંગલ પ્રારંભ : વૈષ્ણવોમાં અનેરો ઉત્સાહ

ઉના,તા.૨૬

ઉના શહેરની ભક્તિનગર સોસાયટીમાં આવેલી શ્રીનાથજી હવેલી ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે. આ મંગલ પ્રસંગે હવેલીથી એક ભવ્ય પોથીયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિક વૈષ્ણવો જોડાયા હતા. આ ધાર્મિક મહોત્સવ આગામી ૩૧મી તારીખ



તસવીર : કૈલાશ ભટ્ટ

સુધી ચાલશે, જેમાં કથા વક્તા શાસ્ત્રી કેતન પેરાણી પોતાની સંગીતમય શૈલીમાં શ્રોતાઓને કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. તે દરરોજ બપોરે ૩:૦૦ થી સાજના ૭:૦૦ વાગ્યા સુધી ચાલશે.

# રાજય સરકારની હવે વોટ્સએપ પર મળશે સરકારી સેવાઓ, ધક્કામાંથી થશે મુક્તિ

અમદાવાદ,તા.૨૬

ગુજરાત સરકારે વહીવટી પ્રક્રિયાને ઝડપી બનાવવા મેટા કંપની સાથે કરાર કરી એક ખાસ વોટ્સએપ ચેટબોટ શરૂ કર્યો છે. આ સુવિધા હેઠળ નાગરિકોને ઘરે બેઠા જ સ્માર્ટફોન પર વિવિધ ૫ મુખ્ય સરકારી વિભાગોની ૨૦ જેટલી મહત્વની સેવાઓ મળશે. આ ચેટબોટ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં ઉપલબ્ધ છે. તેનાથી આવક, જાતિ અને EWS



ના પ્રમાણપત્રો, જમીનના સાત-બાર (૭/૧૨) અને આઠ-અ (૮-અ) ના ઉતારા તેમજ રેશનકાર્ડમાં સુધારા જેવી પાયાની સેવાઓ આંગળીના ટેરવે મળશે. આ ડિજિટલ પગલાથી સામાન્ય લોકોના સમય અને નાણાંની મોટી બચત થશે.

# કોડીનારના શિંગોડા ડેમ પાસે મહાકાય મગર દેખાતા ફફડાટ

કોડીનાર,તા.૨૬

કોડીનાર તાલુકાના છાછર અને શુગાલા ગામ વચ્ચે આવેલા શિંગોડા ડેમના દરવાજા પાસે એક મહાકાય મગર પાણીમાં તરતો દેખાયો છે. સ્થાનિક ખેડૂતે પોતાના મોબાઈલ કેમેરામાં આ દ્રશ્યો કેદ કર્યા હતા. તાજેતરમાં જ ગીર ગઢડાના હરમડીયા નજીક આવેલી સાંગાવાડી નદીમાં મગરે એક બાળકનો શિકાર કર્યો હતો. ગ્રામજનોના જણાવ્યા



અનુસાર, ડેમના દરવાજા નજીક હવે રોજિંદા ધોરણે મગરો જોવા મળી રહ્યા છે. હાલ ઉનાળાની સિઝન હોવાથી ગ્રામીણ વિસ્તારોના લોકો અને બાળકો નદી કે ડેમના પાણીમાં નાહવા જતા હોય છે. આ ગંભીર જોખમને ધ્યાનમાં રાખીને, સ્થાનિક વહીવટી તંત્ર અને વન વિભાગ દ્વારા મગર પ્રભાવિત નદી તેમજ ડેમ વિસ્તારોમાં તાત્કાલિક અસરથી 'ચેતવણી દર્શક બોડ' મૂકવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. સ્થાનિક તંત્ર આ સમગ્ર પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં હજુ સુધી સુરક્ષાના કોઈ પગલાં ન લેવાયા હોવાથી લોકોમાં વ્યાપક કચવાટ છે.

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૧૪૪/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી ઈસ્માઈલ અહેમદભાઈ મલેક,
રહે.કોડીનાર,ગામ-કોડીનાર,તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, નગરપાલિકા, કોડીનાર,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ ઈસ્માઈલ અહેમદભાઈ મલેક તથા જોહરામા ઈસ્માઈલ મલેકના પુત્ર વસીમ ઈસ્માઈલ મલેકનો જન્મ તારીખ. ૧૨/૧૬/૧૯૮૪ ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલિકા, કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૮૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# કોડીનારમાં ઘર કંકાશમાં પતિએ પત્નીને ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારી: પતિ જેલહવાલે

કોડીનાર તા.૨૬

કોડીનાર તાલુકાના દેવલપુર ગામમાં ઘર કંકાશમાં એક શખ્સે પોતાની નવપરિણીત પત્નીને ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારી દેતા આજુબાજુ વિસ્તારમાં ચકચાર મચી ગયો હતો. આરોપીએ હત્યા કર્યા બાદ ઘટનાને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કરતા હત્યારા પતિની પોલીસે ધરપકડ કરી ગણતરીના કલાકોમાંજ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. મળતી



વિગત મુજબ, દેવલપુર ગામમાં રહેતા રવિ બાલુભાઈ સોલંકીના લગ્ન ત્રણ મહિના અગાઉ પોતાના ગામનીજ રાધિકા નામની યુવતી સાથે થયા હતા. ગત તારીખ ૨૪ ના રોજ



રાત્રિના સમયે આ જ બાબતે ઝઘડો ઉગ્ર બનતા, ઉશ્કેરાયેલા પતિ રવિએ પોતાના રૂમ માંજ રાધિકાને વાયર વડે ગળે ટૂંપો આપીને જીવથી મારી નાખી હતી. પત્ની હત્યા કર્યા બાદ પતિએ સવારે ઉઠીને એવું નાટક રચ્યું હતું કે રાધિકાએ રાત્રે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આ હત્યાનો ભેદ ઉકેલી આરોપી પતિને કસ્ટડીમાં લઈ લીધો છે અને પી.આઈ. હરિયાણી આ મામલે આગળની કાયદેસરની તપાસ ચલાવી રહ્યા છે.

# ગીર ગઢડા નજીક ત્રણ વર્ષના બાળક પર દીપડાનો હુમલો


ઉના,તા.૨૬

ગીર ગઢડા તાલુકાના ઝાંખીયા ગામ નજીક આવેલા પોપટડી નેસ વિસ્તારમાં એક ઘટના સામે આવી છે. અહીં રાત્રિના સમયે શિકારની શોધમાં નીકળેલા એક દીપડાએ ત્રણ વર્ષના માસૂમ બાળક માનવ પર અચાનક હુમલો કરી દીધો હતો. આ માસૂમ બાળક તે સમયે તેના દાદા રાજેન્દ્ર બાલુભાઈ ભાલીયા પાસે રમી રહ્યો હતો. દીપડાએ દાદાની નજર સામે જ બાળક પર તરાપ મારીને તેના પગના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. જોકે, દાદાએ તુરંત જ જોરજોરથી બૂમાબૂમ કરવાનું શરૂ કરી દીધું હતું. બૂમો સાંભળીને પરિવારના અન્ય સભ્યો અને આસપાસના લોકો તાત્કાલિક ત્યાં દોડી આવ્યા હતા. લોકો ભેગા થતાં દીપડો ગભરાઈને બાળકને છોડી અંધારામાં નાસી ગયો હતો. આ ઘટનાને પગલે સમગ્ર નેસ વિસ્તારના રહીશોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ વ્યાપી ગયો છે.

# મોરબી હાઈવે પર ઈકો-ટ્રક વચ્ચે ભયાનક અકસ્માતમાં ૪ના મોત

મોરબી,તા.૨૬

ગુજરાતના હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. મોરબીના માળિયા નજીક હરીપર-કેરાળા પાસે એક ઈકો કાર અને ટ્રક વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં બે નિર્દોષ બાળકો સહિત કુલ ચાર લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.મળતી માહિતી અનુસાર, આ કમનસીબ પરિવાર દીવ અને ઊના પંથકનો હતો. તેઓ કચ્છ ખાતે આવેલ



પ્રખ્યાત યાત્રાધામ માતાના મઢથી આશાપુરા માતાજીના દર્શન કરીને ખુશી-ખુશી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા, તે દરમિયાન કાળમુખા ટ્રકે ઈકો કારને અડફેટે લીધી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે ઈકો કારના કુચ્ચે-કુચ્ચા ઉડી ગયા હતા.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા ઈજાગ્રસ્તોને અને ચારેય મૃતકોના શવને પીએમ અર્થે તાત્કાલિક મોરબીની સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. પવિત્ર યાત્રાધામના દર્શન કરીને પરત ફરતા પરિવારને નડેલા આ અકસ્માતથી ઊના અને દીવ પંથકમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

# ઈંધણના ભાવ વધતા રાજયમાં મોંઘવારીને કારણે સામાન્ય જનતા પર આર્થિક બોજો

અમદાવાદ,તા.૨૬

ગુજરાત સહિત સમગ્ર દેશમાં મોંઘવારીનો ગ્રાફ સતત ઊંચો જઈ રહ્યો છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. છેલ્લા એક મહિનામાં રોજિંદી જીવનજરૂરી ચીજવસ્તુઓ જેવી કે દૂધ, શાકભાજી, અનાજ અને ઈંધણના ભાવમાં ૨ થી ૧૦ ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકાયો છે. વૈશ્વિક સ્તરે



અમેરિકા, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલતા યુધ્ધ જેવા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલરને પાર પહોંચી ગયા છે, જેની સીધી અસર ટ્રાન્સપોર્ટેશન અને સપ્લાય ચેઈન પર પડી રહી છે. તાજેતરમાં દૂધમાં પ્રતિ લિટર બે રૂપિયા અને પેટ્રોલ-ડીઝલમાં વારંવાર થયેલા ભાવવધારાએ પરિવહન ખર્ચ વધારી દીધો છે. એપ્રિલ ૨૦૨૬માં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ ૮.૩ ટકા અને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ ૨૨ મહિનાની ટોચે ૩.૪૮ ટકા પર પહોંચી ગયો છે. જો કે, સ્થાનિક સ્ટોક પૂરતો હોવાથી ખાદ્યતેલના ડબ્બામાં ૧૦૦ થી ૧૫૦ રૂપિયાનો ઘટાડો થતાં થોડી રાહત મળી છે, પરંતુ એકંદરે પરિસ્થિતિ ચિંતાજનક છે.

# સુરતમાં જુદા-જુદા વિસ્તારમાં ત્રણ અજાણ્યા પુરૂષના મૃતદેહ મળતા ચકચાર

સુરત,તા.૨૬

સુરત શહેરમાં વિતેલા માત્ર સાત દિવસના ટૂંકા ગાળામાં અલગ-અલગ ત્રણ વિસ્તારોમાંથી ત્રણ અજાણ્યા પુરુષોના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે. સૌથી મોટો અને ગંભીર પડકાર એ છે કે આ ત્રણેય મૃતદેહ કોના છે તેની ઓળખ કરવામાં સુરત પોલીસ અત્યાર સુધી સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે. આ ત્રણ ઘટનાઓ પૈકી એકમાં ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે જ્યારે અન્ય બે ઘટનામાં આકસ્મિક મોતનો ગુનો નોંધીને ત્રણ અલગ-અલગ પોલીસ સ્ટેશનો દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ ગંભીર મામલે સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને પોલીસ દ્વારા વિવિધ દિશાઓમાં ચક્રો ગતિમાન કરીને મૃતકોની ઓળખ વિધિ કરવા માટે સોશિયલ મીડિયા તેમજ બાતમીદારોની મદદ લેવામાં આવી રહી છે.

# અમરેલી સહિત રાજયમાં કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટથી સામાન્ય જનજીવન પ્રભાવિત

અમદાવાદ,તા.૨૬

મે મહિનાના અંતમાં સમગ્ર ગુજરાતમાં તીવ્ર ગરમી અને હીટવેવના કારણે લોકો ત્રાસી ગયા છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયો છે, જેમાં અમદાવાદ ૪૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. આ વર્ષનું આ સર્વોચ્ચ તાપમાન હોવાની સાથે વાતાવરણમાં વધેલા ભેજને લીધે હીટ ઈન્ડેક્સ એટલે કે વાસ્તવિક અનુભવાતું તાપમાન ૪૫થી ૪૮ ડિગ્રી સુધી પહોંચી ગયું છે, જેના કારણે રાત્રિના સમયે પણ લોકોને અસહ્ય ઉકળાટનો સામનો કરવો પડી રહ્યો છે.અન્ય શહેરોની વાત કરીએ તો ગાંધીનગર અને રાજકોટમાં ૪૨.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૨.૩ ડિગ્રી, ભાવનગરમાં ૪૧.૭ ડિગ્રી,



ડીસામાં ૪૧ ડિગ્રી તેમજ અમરેલીમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ખાસ કરીને ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ગરમીનો પ્રકોપ અત્યંત તીવ્ર છે, જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં સામાન્ય રાહત છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૪-૫ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ઘટાડો થવાની શક્યતા નથી. જો કે કેટલાક સ્થળોએ વાવાઝોડા સાથે હળવા વરસાદની સંભાવના છે, પરંતુ તેનાથી ગરમીમાં કોઈ ખાસ રાહત મળશે નહી.

# ખાંડ સહકારી મંડળીઓને શેરડીના ભાવ વધારાને રાજ્ય સરકારની મંજૂરી


ગાંધીનગર,તા.૨૬

ગુજરાત સરકારે સહકારી ક્ષેત્ર અને શેરડી પકવતા ખેડૂતોના હિતમાં એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. વર્ષ ૨૦૦૭-૦૮થી ૨૦૧૪-૧૫ દરમિયાન રાજ્યની ખાંડ સહકારી મંડળીઓએ ખેડૂતોને ચૂકવેલા શેરડીના વધારાના ભાવોને રાજ્ય સરકારે હવે સત્તાવાર મંજૂરી આપી દીધી છે. સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયના પરિણામે ખાંડ સહકારી મંડળીઓ પર આવનારો અંદાજિત રૂપિયા ૧૫૦૦ કરોડનો મોટો આર્થિક બોજો સંપૂર્ણપણે દૂર થશે અને તેની સાથે જ રાજ્યના બે લાખથી વધુ શેરડી ઉત્પાદક ખેડૂતોને ખૂબ મોટી આર્થિક રાહત મળશે.સામાન્ય રીતે દેશની ખાંડ મંડળીઓ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલા એફ.આર.પી. મુજબ જ ખેડૂતોને શેરડીના ભાવ ચૂકવતી હોય છે. પરંતુ ગુજરાતની સહકારી ખાંડ મંડળીઓએ ખાંડ ઉપરાંત મોલાસીસ, ઈથેનોલ અને કો-જનરેશનથી થતી વધારાની આવકનો સીધો લાભ ખેડૂતો સુધી પહોંચાડ્યો હતો.

# ગીરના સિંહોમાં ઘાતક વાયરસની એન્ટ્રીથી વન વિભાગ થયુ એલર્ટ

અમરેલી,તા.૨૬

ગીરના જંગલમાં ફરી એકવાર સિંહો પર કુદરતી આફત આવી પડી છે. અમરેલીના ધારી ગીર પૂર્વ અને ગીર પશ્ચિમ વન વિભાગમાં સી.ડી.વી (કેનાઈન ડિસ્ટેમ્બર વાયરસ) તેમજ બેબસિયા જેવા જીવલેણ રોગના કારણે આઠથી વધારે સિંહોના મોત નિપજ્યા હોવાના અહેવાલ છે. મૃતકોમાં ત્રણ સિંહબાળ અને પાંચ પુખ્ત સિંહોનો સમાવેશ થાય છે. આ વાયરસ મુખ્યત્વે શ્વાનની લાળ દ્વારા વન્ય જીવોમાં ફેલાય છે, જેના કારણે ભૂતકાળમાં પણ વર્ષ ૨૦૧૮ અને ૨૦૨૧માં અનેક સિંહોના જીવ ગયા હતા. વન વિભાગ હાલ સંપૂર્ણ હાઈ એલર્ટ પર છે અને ધારીની સરસિયા



રેન્જમાંથી આઠ સિંહોના ગ્રુપને રેસ્ક્યૂ કરી ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યું છે. બીમાર અને અશક્ત સિંહોનું સતત મોનિટરીંગ કરીને સેમ્પલ લેવાની પ્રક્રિયા ચાલુ છે. જોકે, પીસીસીએફ જયપાલ સિંહે જણાવ્યું છે કે ગભરાવાની જરૂર નથી, સિંહબાળના મોત ઓછી ઈમ્યુનિટી અને ન્યુમોનિયાને કારણે થયા છે, જ્યારે અન્યના મોત કુદરતી કે ઈન-ફાઈટમાં થયા છે.

# રાજ્યની મનપા ચૂંટણીમાં નવા હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી

અમદાવાદ,તા.૨૬

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપને મળેલા પ્રચંડ જનસમર્થન બાદ હવે રાજ્યની વિવિધ મહાનગરપાલિકાઓમાં નવા હોદ્દેદારોની પસંદગી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ પ્રક્રિયા અંતર્ગત મોરબી મહાનગરપાલિકાના નવા મેયર તરીકે ઉત્તમ સુરાણી અને ડેપ્યુટી મેયર તરીકે ચિરાગ રાણપરાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જેને પગલે કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. નડિયાદ મહાનગરપાલિકાના પ્રથમ મેયર તરીકે વોર્ડ નંબર ૧૧ના મનીષ પટેલની પસંદગી કરાઈ છે, જ્યારે ડેપ્યુટી મેયર તરીકે કલ્પેશ રાવળ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પરાગ બ્રહ્મભટ્ટને



જવાબદારી સોંપાઈ છે. આ સાથે જ નડિયાદમાં શાસક પક્ષના નેતા તરીકે મેઘના શાહ અને દંડક તરીકે પુષ્પાબેન પરમારની નિમણૂક થઈ છે. બીજી તરફ, જામનગર મનપાના નવા મેયર તરીકે મોનિકા વ્યાસ અને ડેપ્યુટી મેયર તરીકે આશિષ ડેરની પસંદગી થઈ છે. જામનગરમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે ધીરેન મોનાણી, દંડક તરીકે પ્રવીણા રૂપડિયા અને શાસક પક્ષના નેતા તરીકે અમર મોદી પર પસંદગીનો કળશ ઢોળાયો છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મેયર, ડેપ્યુટી મેયરની કરાઈ નિમણૂંક

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આગામી અઢી વર્ષ માટેના પાંચ મુખ્ય હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. થલતેજ વોર્ડના કોર્પોરેટર અને પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટની મેયર તરીકે પસંદગી થઈ છે. તેઓ લાંબા સમયથી ભાજપ, આરએસએસ અને સહકારી ક્ષેત્રે





સક્રિય છે. આ ઉપરાંત ડેપ્યુટી મેયર તરીકે અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે કમલેશ પટેલ, શાસક પક્ષના નેતા તરીકે જશુ ઠાકોર અને દંડક તરીકે અતુલ મિશ્રાની નિમણૂંક કરાઈ છે. આ નવી ટીમ સામે આગામી સમયમાં વિકાસ કાર્યોને વેગ આપવા અને પાયાની સુવિધાઓ સુદ્રઢ કરવાનો પડકાર રહેશે.

# પ્લેન ક્રેશ થયુ ત્યાં સિવિલ હોસ્પિટલ પાસે નવા બાંધકામની મંજૂરી મળી

અમદાવાદ,તા.૨૬

અમદાવાદની સિવિલ હોસ્પિટલ પાસે એક વર્ષ પહેલાં એર ઈન્ડિયાનું પ્લેન બોયઝ હોસ્ટેલની ઈમારત પર ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં ક્ષતિગ્રસ્ત થયેલા સુપર સ્પેશિયાલિટી હોસ્ટેલ બ્લોક અને મેસના સ્થાને હવે નવી ભવ્ય ઈમારત બનાવવામાં આવશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આ માટે કુલ રૂ. ૫૧.૮૪ કરોડના પ્રોજેક્ટને વહીવટી મંજૂરી આપી દીધી છે, જેમાંથી વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્ર અંતર્ગત રૂ. ૩૪.૬૫ કરોડની રકમ ફાળવવામાં આવી છે. સરકાર દ્વારા આ મંજૂરી સાથે કેટલાક કડક નિયમો અને શરતો પણ જાહેર કરાયા છે. નવા બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ પાસેથી ટાઈપ ડિઝાઈન મેળવવાની રહેશે અને પીડબ્લ્યુડી મેન્યુઅલની જોગવાઈઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

# અમેરિકામાં વિજાપુર પંથકની પાટીદાર મહિલા પર અંધાધૂંધ ફાયરીંગ થતા મોત

મહેસાણા,તા.૨૬

અમેરિકાના વર્જિનિયામાં મહેસાણાના વિજાપુર તાલુકાના જંત્રાલ ગામની પાટીદાર દીકરી મેઘના પટેલની અજાણ્યા શખ્સે ગોળી મારીને હત્યા કરી દીધી છે. મેઘનાબેન છેલ્લા દસ વર્ષથી અમેરિકામાં એક સ્ટોરમાં નોકરી કરતા હતા, જ્યાં લૂંટના ઈરાદે આવેલા હુમલાખોરે તેમના પર અંધાધૂંધ ફાયરિંગ



કર્યું હતું. ગંભીર રીતે ઘવાયેલા મેઘનાબેનનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાથી અમેરિકામાં વસતા ગુજરાતી પરિવારોમાં ભારે ફફડાટ અને ડરનો માહોલ ફેલાયો છે. મૃતકના વતનમાં રહેતા માતા-પિતા અને અમેરિકા સ્થિત પતિ તથા બાળકો પર આભ તૂટી પડ્યું છે, અને સમગ્ર જંત્રાલ ગામ શોકમાં ગરકાવ થઈ ગયું છે. હાલ ત્યાંની સ્થાનિક પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.





